Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

**Vol. No. 27, Issue No. 11 10th August, 2023 Annual Subscription Rs. 50=00**

વર્ષ : ૨૭, અંક : ૧૧ ૧૦મી ઑગસ્ટ, ૨૦૨૩ વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦

## 'ચરણાશ્રય'



'પ્રભુ, ચરણશરણમાં રાખો રે, પાવલે લાગું,...'


• • • •

'ૐ શરણચરણ લેજો, પ્રભુ, શરણચરણ લેજો,...'

• • • •

'સાહ્યા પ્રભુ, ચરણ તે કદી હું ન છોડું, થાવું કૃપા થકી ભીનું, જ્યમ મેહ રોડું.'

-શ્રીમોટા



આપો તો જ
પામો
જીવનના ગણિતમાં
"મફત" જેવું
કંઈ છે જ
નહીં -
કૃષ્ણાનંદ

## વિસંવાદી જીવનપદ્ધતિ

વર્તમાનકાળના સરેરાશ માનવીનું જીવન એટલે વ્યર્થ વિરોધ અને નિરર્થક નિરોધની જ એક શૃંખલા છે. જ્યાં જુઓ ત્યાં પરિસ્થિતિઓ અને પદાર્થોની ગુલામીમાં ફસાયેલો આધુનિક માનવ પોતાની જાત અને બીજા સાથે યુદ્ધ કરતો જ રહે છે. કોઈની સાથે એને બનતું જ નથી.

આ જાતની વિસંવાદી જીવનપદ્ધતિ દ્વારા પણ માણસ તો શાશ્વત સુખ જ મેળવવા માગે છે. !

- સ્વામી કૃષ્ણાનંદ

*'સ્વામી કૃષ્ણાનંદ સંપુટ ભાગ -૨', પ્ર. આ., પૃ. ૨૬૧*

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

**'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**

# હરિભાવ

સંપાદક : **સુરેશચંદ્ર વોરા**
સહાયક : **વિવેક દેસાઈ**

**વર્ષ : ૨૭ અંક : ૧૧ ઓગસ્ટ, ૨૦૨૩**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા**
**'હરિવાણી ટ્રસ્ટ', C/o. સુરેશચંદ્ર વોરા**
**ડી-૫૦૧, પરિમલ એક્ઝોટિકા,**
**નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,**
**નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,**
**Mo. / SMS / Whatsapp - 9427554391**
**ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની**
**કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.**
**ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો.**

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
**યુકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭**
**બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
**IFS Code : UCBA0001687**
**બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.**
Email : hariwanitrust@gmail.com

હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ
**www.hariommota.org** ઉપર
'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.
Email : hariommota1@gmail.com
મોબાઈલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦
* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણશુદ્ધિ : **અંબિકા હરેશ પંડ્યા**

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪**

ટાઈટલ : **મયૂર જાની, મો. ૯૪૨૮૪૦૪૪૪૩**

**અનુક્રમ**


| ક્રમ | વિગત | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પદ્યપ્રસાદી | શ્રીમોટા | ૪ |
| ૨. | કર્મ અને એના પરિણામ અંગે | શ્રીમોટા | ૫ |
| ૩. | શ્રીઅરવિંદની પ્રથમ મુલાકાત | ચંપકલાલ | ૭ |
| ૪. | મારી સાથે સંબંધ રાખી નિશ્ચિંત રહેજો | શ્રીમોટા | ૯ |
| ૫. | પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ વર્ષ નિમિત્તે - ૧૦ 'તને હું તો હૃદયથી યાદ કરું છું - શ્રીમોટા' | પંકજ પ્રભુદાસ જાની | ૧૦ |
| ૬. | પૂજ્ય શ્રીમોટાની ચેતનાશક્તિનો પ્રસંગ : રજનીભાઈને વસ્ત્રવિહીન કરનાર શ્રી ઈન્દુકાકા ... | રજનીભાઈ બર્માવાલા | ૧૩ |
| ૭. | પૂજ્ય શ્રીમોટાનાં સંસ્મરણો | પૂનમભાઈ પટેલ | ૧૫ |
| ૮. | જન્મે જન્મે નવો સંબંધ બંધાય છે | સ્વામી પ્રકાશાનંદજી | ૧૭ |
| ૯. | શ્રીગુરુ માહાત્મ્ય : ઉમા-મહેશ સંવાદ | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૮ |
| ૧૦. | સાવધાન : મારી ગુરુદક્ષિણા | શ્રીમોટા | ૧૯ |
| ૧૧. | ગોપીચંદને માની ભિક્ષા | બાબા સાવનસિંહજી | ૨૦ |
| ૧૨. | સંસાર અને કર્મ એકબીજાં સાથે સંકળાયેલાં છે | શ્રીમોટા | ૨૧ |
| ૧૩. | ઊલટી વાણીનું સ્પષ્ટીકરણ | પૂ. મહાત્મા શ્રીમન્નથુરામ શર્માજી | ૨૨ |
| ૧૪. | રાગદ્વેષ | શ્રીમોટા | ૨૪ |
| ૧૫. | લોકો ભક્તિમાં કુશળ થાય તો ભૂખે ન મરે | શ્રીમોટા | ૨૫ |


**પૂજ્ય શ્રીમોટાના મિત્ર એવા પ. પૂ. સ્વામી કૃષ્ણાનંદજીના ભક્ત સ્વજન દ્વારા સ્વામીજીના આવાગમનની તા. ૩-૮ અને ૨૬-૮ નિમિત્તે 'હરિભાવ'નાં આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે તથા તેઓ નામ આપવા પણ ઈચ્છતા નથી તે તેઓની ગુરુભક્તિ દર્શાવે છે. તેઓશ્રી પ્રત્યે 'હરિભાવ' પરિવાર ઘણો ઘણો આભાર વ્યક્ત કરે છે. - સંપાદક**

# (૧) પદ્યપ્રસાદી

શ્રીમોટા

## જીવન-ગીતાજ્ઞાન

'ઉદ્‌ભવી શેં શકે જ્ઞાન સંગ્રામક્ષેત્ર ઉપરે ?'
પ્રશ્ન એવો ઊઠે સૌને, રહસ્ય એનું શું હશે ? ૧

કૃષ્ણે અર્જુનને દીધું ગીતાનું જ્ઞાન જે સ્થળે-
સૈન્ય સાથે જ બંનેનાં કૌરવો પાંડવો મળે. ૨

વેદવ્યાસ મહાજ્ઞાની શક્તિકેરા શિરોમણિ;
યદ્વાતદ્વા કશું તેમાં ક્યાંયે ના હોય ત્યાં કદી. ૩

છૂપું રહસ્ય હૈયાથી ખોળવા દિલ પ્રોઈને;
જે રીતે જાણ્યું તે આજે ઈશેચ્છાથી અહીં કથું. ૪

સંગ્રામનું ખરું ભાન ઉગ્ર, ઉત્કટ થાય જ્યાં;
સંગ્રામ જીતવા ત્યારે ગુણ ને શક્તિ જન્મતાં. ૫

યુદ્ધ આવી પડે જ્યારે બુદ્ધિ તેજસ્વી થાય શી !
યુદ્ધનાં કર્મની પૂરી સૌ હૈયાસૂઝ જાગતી. ૧૧

બધી ઇંદ્રિય સંગ્રામે એકાગ્ર થૈ ખડેપગે-
કેંદ્રિત શક્તિવાળી રે' આપમેળે જ તત્પરે. ૧૨

પ્રત્યેક ભૂમિકાએ છે સંગ્રામ શો જુદો જુદો !
તે સંગ્રામ વિના જીત્યા ના સર્વોપરી થૈ શકો. ૧૮

સર્વ સમર્પવાકેરી ચઢે ચાનક યુદ્ધમાં,
ભલે સૌ ખોઈ બેસાયે પડે પાછો ન તે છતાં. ૨૮

મરણિયો જ નિર્ધાર સંગ્રામ જીતવા પૂરો;
જેહના દિલમાં ઊગે મર્દ માનવી શો ખરો! ૩૫

નવું જોમ, નવો જુસ્સો, નવાં સાહસ, હિંમત,
સંગ્રામને લીધે જન્મે નવાં દૃષ્ટિ, પરાક્રમ. ૪૪

જ્ઞાનને જન્મવા કાજે સંગ્રામ શો જરૂરનો !
સંગ્રામમાંથી જન્મે છે જ્ઞાન સૌ જીતવાતણું ! ૮૦

ગીતાજ્ઞાન દીધું તેથી સંગ્રામ ભૂમિકા પરે;
મને યથાર્થ તે લાગ્યું પ્રભુકૃપાથી દિલપે. ૮૨

'સંગ્રામનો હેતુ' માંથી સંકલન
'જીવન ગીતા', ત્રીજી આ., પૃ.૩

## ચરણ શિરતાજ અમને તે

શ્રીમોટા

ચરણને સાહી રાખ્યાં છે, ચરણની ભક્તિથી હૃદયે,
- સ્મરી સ્મરીને, ભજી ભજીને ચરણ દિલ ઉપસાવ્યાં છે.

પછીથી તો ચરણની શી હૃદયમાં બાદશાહી છે !
જીવન શા થઈ પડેલા છે ચરણ શિરતાજ અમને તે !

જીવનમાંનો ચરણ લ્હાવો નશો એનો ચઢેલો છે,
ભલી ભલી બાદશાહી તે ચરણમાં ડુલ થયેલી છે.

ચરણસેવા થકી અમને જીવન અમૃત લાધ્યું છે,
નરી નિરાંતની સોડ ચરણમાં મસ્ત તાણી છે.
'જીવનતપ', ત્રીજી આ., પૃ.૨૩૨

આપણા આ પંડિતો, વિદ્વાનો, બધા સાધુ-મહાત્માઓ મારી સમજણ પ્રમાણે કર્મને ખોટી રીતે સમજ્યા છે. કર્મથી પાપ અને પુણ્ય છે, તે પણ મને સાચું લાગતું નથી. આ વાત હું સિન્સિયર્લી - નિષ્ઠાપૂર્વક કહું છું.

જ્યારે કર્મ થઈ રહ્યું હોય ત્યારે તો એ કર્મ આપણા કંઈ હાથપગ, શરીરથી થાય છે, પણ એને અંદરથી દોરનારાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્-મનાદિકરણ છે. એ તો ચોક્કસ આપણાથી મનાય તેવું છે, ગપ્પાં નથી. સાચી વાત છે એટલે કર્મ કરતી વખતે એ (કરણો) કેવાં પ્રકારનાં રહે છે, તેના ઉપર કર્મનો - એના પરિણામનો આધાર છે.

જો કમ્પલિટ એનાલિસિસ ઑફ અવર માઈન્ડ ઍન્ડ ઇન્ટલેક્ટ-(મન અને બુદ્ધિનું સંપૂર્ણ પૃથક્કરણ) આપણે કરતાં રહીએ તો સમજાય છે કે આપણે આ જાતનું કામ કરીએ છીએ અને વિચાર બીજી જાતના થાય છે. કર્મ અને આપણા વિચારોને બુદ્ધિથી આપણે વિખૂટાં પાડીએ - વિચારી શકીએ. તો આ વાત સ્વીકારી શકીએ.

એક જણે મને કહ્યું, ‘મોટા, તમારી વાત ખોટી છે.’ મેં કહ્યું, ‘કબૂલ. ભાઈ, ખોટી હોય તો.’ એણે કહ્યું કે જ્યારે કોઈ કાર્ય આપણું સંપૂર્ણ ધ્યાન માંગી લે એવું હોય-એટેન્શન માગી લે એવું હોય તો મનાદિકરણ એમાં જ રહે છે.’ મેં કહ્યું, ‘ભાઈ તારી એ વાત હું કબૂલ કરું છું. મને અનુભવ નથી પણ એ સમજાય એવું છે ખરું કે એમાં મનાદિકરણ રહે... મનાદિકરણ એમાં જ રહે છે.’ પણ આપણું માનસ છે તે ભાગ્યે જ પાંચ-છ ક્ષણ એકની એક જાતનું રહેતું હોય. એ બદલાતું જ રહે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ બદલાતાં હોય છે. ત્યારે દેખીતી રીતે ખરાબમાં ખરાબ જાતનું કર્મ હોવા છતાં તે વખતે આપણાં મનાદિકરણમાં કેવા વિચારો હોય છે તેના પર પરિણામનો આધાર છે.’

પેલો ભાઈ કહે, ‘આ વાત બરાબર નથી.’

મેં કહ્યું, ‘હું શાસ્ત્ર ભણ્યો નથી ભાઈ ! મને તો મારી બુદ્ધિને યોગ્ય લાગે અને મારી બુદ્ધિ સ્વીકારે એ રીતે વાત કરું છું.’

કર્મનું મૂળ આપણું ચિત્ત છે. આપણા શરીરમાં મનાદિ પાંચ કરણો છે. આપણને જે કંઈ વિચાર આવ્યો, જે મોઢાથી વ્યક્ત ના કર્યો હોય - તેમ છતાં તે તમારા ચિત્તમાં સંગ્રહાઈ ગયો. જે કંઈ તમે બોલ્યા, ચાલ્યા, વર્ત્યા, વાતચીત થઈ, કર્મ કર્યું, કોઈની સાથે સંબંધ થયો, લડવાડ થઈ, કે સારું બોલ્યા ખોટું બોલ્યા, સ્થૂળ-સૂક્ષ્મ કે કારણ - એ ત્રણે જાતનું તમારું બોલવાનું થયું અથવા કર્મ કરવાનું થયું તે બધું જ ચિત્તમાં જાય. ચિત્ત ઓપન (ખુલ્લો) કૅમેરા છે. એમાં બધું સંગ્રહાઈ જાય. એને કહે છે ‘આપણા સંસ્કાર.’ એ સંસ્કાર ચિત્તમાં પડ્યા, એ કાળે કરીને ઉદયવર્તમાન થાય. ઉદયવર્તમાન એટલે કે ‘સ્પ્રિંગ્સ આઉટ-અંદરથી બહાર ઊછળી આવે બહાર આવે એટલે એને વૃત્તિ કહે. એ વૃત્તિ બહાર આવી એટલે ઍક્શનમાં મુકાય.

**કર્મનું મૂળ આ**

હવે એ બહાર આવ્યું એટલે જે પ્રમાણે વૃત્તિનું કે વિચારનું કે ભાવનાનું કર્મ હોય તે-તે જ ચૅનલમાં તે કર્મ કરતું થાય. બીજી રીતે એ કર્મ વર્તી જ ના શકે. **કર્મ સ્વતંત્ર નથી. વૃત્તિ અને સંસ્કાર ઉપર આધારિત છે.**

કર્મ કરતી વખતે જો આપણાં મનાદિકરણ ઉત્તમ પ્રકારની ભાવનાના પ્રવાહમાં વહેવડાવી શકીએ તો કર્મ ગમે તે પ્રકારનું હોય તો એ કર્મ આપણને દોષકર્તા નથી.

*(શ્રી ગુરુમહારાજના હુકમનો આદર કરી શ્રીમોટાએ કોઈના ઘેર ચોરી કરી હતી અને ચોરીનો માલ શ્રીગુરુચરણે ધર્યો હતો. પછી શ્રીગુરુ આજ્ઞા મળતાં ચોરીનો એ માલ એના માલિકને પરત આપી આવ્યા હતા. એ પ્રસંગનો ઉલ્લેખ અન્યત્ર છે ખરો.-સંપાદક)*

એક દાખલો હું તમને પ્રત્યક્ષ આપું કે કબીર સાહેબ હતા. તેઓ ઐતિહાસિક વ્યક્તિ છે, કાલ્પનિક નથી. આપણા જ દેશમાં થઈ ગયેલા છે. એમના ઘરે મહેમાન આવ્યા. તે ગરીબ માણસ હતા. સંસ્કૃતિની દૃષ્ટિએ વિચારીએ તો હાલના પૉલિટિકલ-રાજકીય માણસો કરતાં તો ક્યાંય ચડી જાય એવા હતા.

એમને ઘેર મહેમાનો આવ્યા. એમને જમાડવા માટે રસોઈ કરવા માટે લાકડાં પણ ન મળે. કબીર સાહેબે એમના છોકરાને કહ્યું, 'જા લાકડાં લઈ આવ.' તે લાકડાં લેવા એવા સમયે કંઈ જંગલમાં જાય ? પાસે જ કોઈનું ઘર થતું હતું. ત્યાંથી જ લાકડાં ઉઠાવ્યાં. એને પૂછ્યું, 'અલ્યા, કેમ લાકડાં લઈ જાય છે તું ?' તો કહે, 'ભાઈ સાહેબ, હું ચોરી નથી કરતો. મારે ત્યાં મહેમાન આવ્યા છે. મારે ત્યાં લાકડાં નથી. મારે ત્યાં લાકડાં આવશે એટલે તમારે ત્યાં મૂકી જઈશ.'

પેલા માણસે છોકરા ઉપર ફરિયાદ કરી, તો છોકરાએ તો જવાબમાં કહ્યું, 'સાહેબ, આવી રીત હતી. મારે ત્યાં મહેમાન આવેલા હતા અને લાકડાં નહિ, તો ખવડાવવું શી રીતે ? મેં એમને કહ્યું કે, લાકડાં આવશે એટલે પાછાં મૂકી જઈશ.'

મૅજિસ્ટ્રેટને 'કાજી' કહેતા કે શું કહેતા હશે એ રામ જાણે ! તેમણે વિચાર્યું કે આ છોકરાએ લુચ્ચાઈ નથી કરી. એનો હેતુ ચોરી કરવાનો નથી. એટલે એને છોડી મૂક્યો. એટલે મારું કહેવાનું એમ છે કે ચોરી જેવું કામ પણ જો તમે સારા હેતુને માટે જ કર્યું હોય તો તેની સજા નથી. તે કર્મથી કોઈ નુકસાન નથી.

બીજો એક દાખલો આપું. મેટ્રિકમાં હું ભણતો હતો. પરીક્ષાને હજુ વાર હતી. મારી જોડે એક છોકરો બેઠેલો. તે પોક મૂકીને રડે બિચારો. મેં કહ્યું, 'રડે છે શું કરવા ?' તો કહે, 'આ ભૂમિતિના પેપરમાં હું નપાસ થઈશ. ગરીબ મા-બાપ છે. મારા ઉપર આધાર છે. મેટ્રિક પાસ થાઉં તો કંઈક નોકરી કરું ને મા-બાપને રાહત રહે.' તો મેં કહ્યું, 'જો ચિંતા ન કર. હું તારી પાસે બેઠો છું. હું બહુ મોટા અક્ષરે લખીશ. તે તું જોજે ને લખજે.'

મારા મનમાં હું આને ચોરી કરાવું છું, પાપ કરાવું છું, એવું મેં માનેલું નહિ. ઊલટું એમ માનેલું કે આ બિચારો પાસ થશે તો એના કુટુંબનું પોષણ થશે. આશય-ઈન્ટેન્શન-ખરાબ નથી. આવું કરવું જોઈએ એમ મારે કહેવું નથી. કર્મની ફિલોસોફી-એનું તત્ત્વજ્ઞાન સમજી લેવું.

કોઈ ખરાબમાં ખરાબ કર્મ કરતો હોય તે પરથી આપણે કોઈનું પણ જજમેન્ટ અભિપ્રાય ન બાંધવો. કારણ કે તેના માનસમાં તે વખતે શું પ્રગટ હશે તે આપણે જાણતા નથી. પણ આપણે આપણા પૂરતો ખ્યાલ રાખીએ. કર્મમાં જ મનાદિકરણને પરોવી રાખો. એમ હું ઈચ્છું છું. ભલે તમે ભગવાનનું નામ ન લેતા તો પણ એ કર્મયોગ છે.

'તદ્રુપ સર્વરૂપ', પ્ર.આ. પૃ. ૧૨૦ ❑

## (૩) શ્રીઅરવિંદની પ્રથમ મુલાકાત

ચંપકલાલ

...અને છેવટે કાંતિલાલ, નટવરલાલ અને હું એમ અમે ત્રણે જણા સને ૧૯૨૧ના એપ્રિલની પહેલી તારીખે સવારે છ વાગ્યે પોંડિચેરી આવી પહોંચ્યા. તે સમયે રિક્ષા પોંડિચેરીમાં માણસો ખેંચતા હતા, આ યોગ્ય નહિ લાગવાથી અમે રિક્ષા ન કરી. અમારા યજમાન નારણદાસના ઘર સુધી અમે રેલવે સ્ટેશનથી ચાલીને આવ્યા.

બપોરે ૧૧-૩૦ થી ૩-૩૦ના ગાળામાં પોંડિચેરીમાં સખત ગરમી પડતી હતી. અમે કંઈ લાંબો વખત ઘરમાં પુરાઈ રહી શક્યા નહિ. બપોરે એક વાગ્યે અમે બહાર નીકળ્યા. શ્રીઅરવિંદને આ સમયે બધા બાબુજી કહીને સંબોધતા હતા. અમને સાંજના પાંચ વાગ્યા પહેલાં આવવાનું જણાવવામાં આવ્યું. દરિયા તરફના એક પુલ તરફ અમે ગયા. એક વૃક્ષની છાયા નીચે પવનની લહેરમાં અમને નિદ્રાદેવીએ ઘેરી લીધા. અમને તરસ લાગી હતી. ગરમી ઘણી હતી. શ્રી અરવિંદના ઘરના ''તીર્થ''નો આસ્વાદ કરવાની ઈચ્છા પણ હતી. એ પૂર્ણ થઈ.

દાદરા પરથી કોઈક નીચે ઊતરતું લાગ્યું. દાદરાના છેલ્લા પગથિયે જ્યાં પગ મૂક્યો ત્યારે મારાથી સ્વાભાવિક દોટ મુકાઈ ગઈ. મને લાગ્યું કે એ શ્રીઅરવિંદ જ છે. એમનાં ચરણકમળને સ્પર્શ કરી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ત્યારે હું પૂરો એક કલાક એમનાં ચરણોમાં પડી રહ્યો, ઊઠી જ ન શક્યો. કોઈએ મને જરીકે ખલેલ ન પહોંચાડી. એ કલાકના અંતે શ્રીઅરવિંદે પોતાનો હાથ મારા માથા પર મૂક્યો. આશીર્વાદ આપ્યા અને ''આવતી કાલે'' એમ કહ્યું અને હું ઊભો થયો.

અમને ખુરશીમાં બેસવાનું કહેવામાં આવ્યું, પરંતુ અમે એમની બાજુમાં ભોંય ઉપર જ પલાંઠી વાળીને બેસવાનું પસંદ કર્યું. એમણે અમારાં સૌનાં નામ પૂછ્યાં. મારા તરફ તાકીને પૂછ્યું, ''તમને અંગ્રેજી આવડે છે ?'' મેં ના પાડી. એમણે હિંદીમાં બોલવાનું શરૂ કર્યું.

શ્રીઅરવિંદનાં પ્રથમ દર્શને મારા મનમાં એવો પ્રતિભાવ જાગ્યો કે મારે હવે જિંદગીમાં આથી વિશેષ કંઈ જ કરવાનું રહ્યું નથી.

બીજા દિવસે એટલે કે તા.૨-૪-૧૯૨૧ના રોજ અમે બપોરના આરામ બાદ ચાર વાગ્યે ત્યાં જવા તૈયાર થયા. પાંચ વાગવામાં પાંચ મિનિટની વાર હતી એટલામાં અમૃતા નીચે આવ્યો અને અમે બધા એની સાથે ઉપર ગયા. અમે દંડવત્ પ્રણામ કર્યા. લગભગ પંદર મિનિટ સુધી શાંત બેસી રહ્યા. પછી શ્રીઅરવિંદે કેટલાક પ્રશ્નો પૂછ્યા ? કેટલા આવ્યા છો ? કેવી રીતે આવ્યા ? યોગના અભ્યાસ અંગે પૂછતાં મેં કહ્યું કે યોગ શું છે તે હું જાણતો નથી. પણ જે કોઈ કામ હું કરું છું તે પ્રભુને સમર્પી દઉં છું અને તે આપના દ્વારા સમર્પી દઉં છું. એવો અભ્યાસ કરું છું. અન્ય પ્રશ્નોત્તરી પણ થઈ. લગભગ સાંજના છ ને પાંચ થવા આવ્યા હતા. હવે ''આવતી કાલે'' એવું કહેતા શ્રીઅરવિંદ એમના ઓરડામાં ગયા.

હવે ત્રીજો દિવસ.

અમે ૪-૧૦ કલાકે બાબુશ્રીના મંદિરમાં (શ્રીઅરવિંદના સ્થાને) આવી પહોંચ્યા.

અમૃતાએ અમને કહ્યું કે શ્રીઅરવિંદ પાંચ વાગ્યે મળશે અને તમને બોલાવવામાં આવશે.

મેં કહ્યું, "કૃપા કરીને ગુજરાતીમાં બોલશો ?" શ્રીઅરવિંદ : "હું વડોદરામાં હતો ત્યારે ગુજરાતી જાણતો હતો. હવે તો ભૂલી ગયો છું."

અમારા કુલ એ આઠ દિવસ દરમ્યાન બીજી પણ કેટલીક બાબતો બનવા પામી હતી. શ્રીઅરવિંદે મને એવું પણ કહ્યું કે પ્રભુની દિવ્યશક્તિ સર્વત્ર અને સર્વ કંઈમાં સક્રિયરૂપે કાર્યરત છે. એ જોવાનો પ્રયત્ન કરવો. મારે કયાં પુસ્તક વાંચવાં એવા પ્રશ્નના જવાબમાં તેઓશ્રીએ બે પુસ્તકો કહેલાં (૧) "પ્રકૃતિ રહસ્ય" અને (૨) શાંડિલ્યનું "ભક્તિસૂત્ર". પ્રકૃતિ રહસ્યના પુસ્તક સંબંધી સવિસ્તર વિગતો પણ આપી. એ વખતે મારી ઉંમર અઢાર વર્ષની હતી. શ્રીઅરવિંદના કહ્યા પછી જ્યારે મેં "પ્રકૃતિ રહસ્ય" વાંચ્યું, ત્યારે મને સર્વત્ર સૌંદર્યનું દર્શન કરાવનાર એવા કોઈ તત્ત્વના જાગરણનો અનુભવ થયો.

મેં શ્રીઅરવિંદને પૂછ્યું કે મને સાક્ષાત્કાર ક્યારે થશે. એના જવાબમાં એમણે મને નારદની એક વાર્તા કહીઃ-

બે ભક્તજનો વર્ષોથી જંગલમાં રહીને સાધના કરતા હતા. એક વખત નારદ જ્યારે ત્યાંથી પસાર થતા હતા ત્યારે એક ભક્તજને પૂછ્યું, "ભગવાન, તમે તો પ્રભુ પાસે જાઓ છો. મારા વતી તમે એમને કૃપા કરીને એટલું પૂછશો કે હું એમનાં દર્શન ક્યારે કરી શકીશ ?" થોડે આગળ જતાં બીજા ભક્તજન મળ્યા. એમણે પણ નારદને તેવો જ પ્રશ્ન પોતાને માટે પૂછવાનું કહ્યું.

પાછા ફર્યા બાદ નારદે પ્રથમ ભક્તજનને કહ્યું, "તમે જે ઝાડની નીચે બેસીને તપસ્યા કરો છો એ ઝાડ પર જેટલાં પાંદડાં છે તેટલા જન્મ બાદ તમને પ્રભુનો સાક્ષાત્કાર થશે. આ સાંભળીને એ તો ખૂબ જ નિરાશ થઈ ગયો અને એણે સાધના કરવાનું જ છોડી દીધું."

નારદ જ્યારે બીજા ભક્તજનને મળ્યા અને તેને પણ એ જ શબ્દો કહ્યા ત્યારે તે તો અસીમ આનંદમાં ડોલવા લાગ્યો. "આહા ! આખરે ગમે તેમ તોય હું ભગવાનનો સાક્ષાત્કાર કરીશ." એ વિચારે એને એક એવા ઉત્કટ આનંદથી ભરી દીધો કે એ પોતાની જાતને પણ ભૂલી ગયો અને પ્રભુનાં તત્કાલ દર્શન થયાં.

આ રીતે શ્રીઅરવિંદે અમને સમજાવ્યું કે પ્રભુનાં દિવ્ય દર્શનનો આધાર તો આપણી પોતાની એકલક્ષી તીવ્ર ઉત્કટતા પર જ રહે છે.

કયે દિવસે પોંડિચેરી છોડવું એ અમે નક્કી કર્યું ન હતું. આઠમા દિવસે અમને બધાને એમ લાગ્યું કે હવે આ આપણો છેલ્લો દિવસ છે. અમે રોજ શ્રીઅરવિંદને એકાદ કલાક મળતા અને અંતમાં તેઓશ્રી કહેતા કે, "હવે આવતી કાલે."

આઠમા દિવસે "હવે આવતી કાલે" એમ કહેવાને બદલે એમણે કહ્યું કે : "જો તમને કોઈ તકલીફ હોય તો તમે મારું સ્મરણ કરજો." ક્ષણેક થંભીને કહ્યું, "મને લખજો" અમે એમ સમજી ગયા કે આ હવે છેલ્લો દિવસ છે.

અમારે જે કહેવાનું હતું એ તો બે-ત્રણ દિવસમાં જ પતી ગયું હતું, છતાં પણ અમે દરરોજ જતા, કારણ અમને એ પોતે જ કહેતા : "હવે આવતી કાલે." આ જ બતાવે છે એમની પૂર્ણ કૃપા અમારા પર વરસાવી અમને અમુક દિવસ એમના સાંનિધ્યમાં રાખવા હતા.

'ચંપકલાલનાં સંસ્મરણો', પ્ર. આ., પૃ. ૧૪ ❑

# (૪) મારી સાથે સંબંધ રાખી નિશ્ચિંત રહેજો

**શ્રીમોટા**

આપણે બધાં પ્રારબ્ધને કારણે નિમિત્તરૂપે મળ્યાં છીએ અને તમને એમ સાચું લાગતું હોય કે 'મોટા' આપણા કામમાં ને મુસીબતોમાં મદદ કરે છે, **તો એમના કામમાં મદદ કરો ને બને તો મારામાં રાગ રાખો.**

એકલો રાગ-મોહ રાખશો તોપણ તમને પ્રયોગ તરીકે અનુભવ થશે. મારી સાથેના સંબંધથી આ સંસારની અથડામણોમાં હળવાશ અને તાજગી મળશે એ રીતે નિશ્ચિંતતા રાખજો. જેમ ગજવામાં પૈસા હોય ને નિશ્ચિંતતા રહે તેમ મારી સાથે સંબંધ રાખીને નિશ્ચિંત રહેજો.

સદ્‌વાંચન, સદ્‌વાર્તાલાપ, સદ્‌સોબત, સદ્‌કાર્ય, ભજન, પ્રાર્થના જેમ બને તેમ વધારે કરો, પણ આપણે ભગવાનની કૃપાથી મળ્યાં છીએ તો મારી ચાહના તમારા ખપમાં આવવાની છે. તમારા બધાંની વચ્ચે આવીને પડ્યો છું તો મારી સાથે લાગણી રાખો. તમારી લાગણી અને મોહ તમને ખપમાં આવશે. નિમિત્તના એ પુલ ઉપરથી હું તમારામાં પ્રવેશી શકું એટલા માટે કહું છું, કારણ કે મને તો જીવતોજાગતો ચેતનાત્મક વિશ્વાસ છે.

આ વૈરાગી પરત્વેનો રાગ એ તો જીવનનું કલ્યાણ કરનારો છે. આપણે જીવદશામાં રાગ, મોહ, લોભ તો કરી શકીએને ? તો કમ સે કમ મારી સાથે એ તો કરો.

મારે તમને સાચી વાત કહેવી જોઈએ. આ સંસારવહેવારમાં આપણને કોઈ સાથે ઘણો મીઠો સંબંધ હોય તો ત્યાંથી પાંચેક હજાર રૂપિયા લઈ આવીયે ખરા. તેવી રીતે આ ભગવાનના માણસ પાસે જઈએ તો આપણે ઘણું લઈ આવીએ છીએ. એના બે શબ્દોથી પણ આપણને ઘણી હળવાશ અને આશ્વાસન મળે છે. ઘોર અંધકારમાં પણ પ્રકાશ પાથરે છે, પણ આપણે તો એકદમ હિમાલય જેવા છીએ જરા પણ ચસીએ નહિ તેવા.

આ સંસારમાં તમે બીજું બધું માણો છો તેમ તમે આવા પુરુષોને માણી તો જુઓ. આ સંસારમાં શોક, દુઃખ, ક્લેશ, ફીકર, ચિંતા, સંતાપ, સંઘર્ષ, અથડામણ, ગૂંગળામણ વગેરે છે કે નહિ ? તો કહેશો, 'હા મોટા એ બધું તો છે.' ત્યારે કહું છું કે સદ્‌સોબત, સદ્‌વાંચન, સદ્‌વાર્તાલાપ, સદ્‌કાર્ય વગેરે કરો.

જ્યારે આપણી બુદ્ધિ ગૂંગળાઈ ગઈ હોય છે ત્યારે ભગવાનને પ્રાર્થના કરીએ તો શાંતિ મળે છે અને હળવાશ પ્રગટે છે. મુશ્કેલીમાં જ્યારે કોઈ પણ રસ્તો દેખાતો ન હોય ત્યારે ત્યાં પણ કોઈ રસ્તો દેખાવા માંડે છે. આપણે એવા એક બે નહિ પણ અનેક પ્રત્યક્ષ દાખલા અનુભવ્યા છે, પણ આપણે પાછા ભૂલી જઈએ છીએ કારણ કે આપણી આસપાસ સંસારનાં પડળ ફરી વળ્યાં છે.

તો અમે કહીએ છીએ કે બીજું કાંઈ નહિ તો ભગવાનનાં કામ કરો. એ ન થાય તો સદ્‌ભાગ્યથી કોઈ આવા પુરુષનો સંગ થયો હોય એવા સંગને નિભાવી જાણો. સાધુ હંમેશાં તેજસ્વી અને નિઃસ્પૃહી હોય. **મારા ગુરુમહારાજે કહ્યું હતું કે, 'તું તેજ બેજ બતાવતો નહિ. માત્ર નમ્રતા બતાવજે.'**

જેમ લાકડામાં આર પાડતી વખતે શારડી જોઈએ તો જ તે ઊંડે જાય તેમ કોઈક વાત ઊંડે ઊતરે એટલા માટે અમારે તેજ પણ થવું પડે. આ વિજ્ઞાનની વાત છે એટલે સમજાય, પણ ભગવાનની શક્તિ, આધ્યાત્મિક શક્તિ તો આપણે વિચારી શકતાં નથી.

અનુભવી પુરુષોનો રાગ, મોહ પણ આપણામાં પેસવા માટે જ હોય છે. પછી તો જેને જેમ સમજવું હોય તેમ સમજે. **પણ સંસાર કરતાં ભગવાન સારો તે વાત ચોક્કસ.**

'સ્વજનોને સંબોધન', પ્ર. આ., પૃ. ૬૦ ❑

# (૫) પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ વર્ષ નિમિત્તે-૧૦ પંકજ પ્રભુદાસ જાની
## 'તને હું તો હૃદયથી યાદ કરું છું' - શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં આવવાનું સદ્‌ભાગ્ય જ્યારે મને મળ્યું ત્યારે હું નવમા ધોરણનો વિદ્યાર્થી હતો. અમદાવાદ-પાલડી વિસ્તારમાં નારાયણનગરમાં સ્ટેટ બૅંક ઑફ ઈન્ડિયા ઓફિસર્સની સોસાયટીમાં બંગલા નંબર ૧૧માં અમે ભાડે રહેતા હતા. આ સોસાયટીમાં જ બંગલા નંબર-૧ માં સુરેશ સંત રહેતા હતા. તેઓશ્રી મારા પિતાશ્રીના બાળપણથી મિત્ર હતા અને પેટલાદમાં સાથે ભણતા હતા. પૂજ્ય શ્રીમોટા તેમના નિવાસે અવારનવાર આવતા હતા. આવા એક દિવસે અમે પૂજ્ય શ્રીમોટાને પગે લાગવા ગયા હતા. પૂજ્ય શ્રીમોટાએ મને સીધો પ્રશ્ન અભ્યાસ અંગે કર્યો અને પહેલા નંબરે પાસ થવા સૂચન કર્યું. મેં કહ્યું કે હું પ્રયત્ન કરીશ ત્યારે શ્રીમોટા કહે 'ભાઈ, મોઢાની વાત નહિ આપણે લખાણ કરો.' તેઓશ્રીની આજ્ઞા અનુસાર આ અંગેનું લખાણ કરાયું જે નીચે મુજબ છે. તેમાં મારા કાકાશ્રી જયંતીભાઈ જાનીની સાક્ષી લેવાઈ છે અને પૂજ્ય શ્રીમોટાએ પણ તેમાં સહી કરી છે અને શ્રીમોટાએ ઉમેર્યું છે કે પહેલે નંબરે પાસ થઈશ તો એકસો રૂપિયા ભેટ આપશે. આ લખાણ આ પ્રમાણે હતું :-

હરિઃૐ

તા. ૨૯-૧૨-૧૯૭૦,
અમદાવાદ

**ખતપત્ર**

હું નીચે સહી કરનાર પંકજ પી. જાની પૂજ્ય શ્રીમોટાની સમક્ષ કબૂલાત આપું છું કે આ વર્ષે વાર્ષિક પરીક્ષામાં મારા વર્ગમાં હું પ્રથમ નંબરે પાસ થવા પ્રયત્ન કરીશ તેમાં હું સફળ થાઉં તો પૂજ્ય મોટાએ મને ભેટ આપવી અને જો હું નિષ્ફળ જાઉં તો મારે કેશમુંડન એટલે કે માથે ટોલો કરાવવાનો. આ લખાણ હું પ્રભુ સાક્ષીએ કરી આપું છું. મને પુરુષાર્થ કરવાની પ્રેરણા મળે અને પૂજ્ય મોટાની કૃપારૂપે મદદ મળે એવી મારી નમ્ર પ્રાર્થના છે.

- **પંકજ પી.** જાની

**'ભેટ એટલે એકસો એક રોકડા' - મોટા**

**સાક્ષી - તરીકે મારા કાકાશ્રી જયંતીભાઈ જાની**

આ બંનેની સહીવાળો પત્ર મારી પાસે છે.

નવમા ધોરણની વાર્ષિક પરીક્ષાના પરિણામના દિવસે જરૂર પડે તો માથે ટોલો કરાવવાના પૈસા સાથે હું સ્કૂલમાં ગયો હતો, પરંતુ શ્રીહરિકૃપાથી હું પ્રથમ નંબરે પાસ થયો હતો. એટલે શ્રીમોટાએ ઈનામના રૂપિયા ૧૦૦/- રોકડા મારા કાકાશ્રી સાથે મને મોકલાવ્યા હતા.

હવે હું દસમા ધોરણમાં આવ્યો હતો. સ્કૂલના કેટલાક શિક્ષકોએ મારું પરિણામપત્રક જોઈને મને સલાહ આપી કે ગણિત અને વિજ્ઞાનના વિષયો મારે છોડી દેવા. આ વાત મેં મારા પિતાશ્રીને કરી. પિતાશ્રીનું મંતવ્ય હતું કે મને એન્જિનિયર કે ડૉક્ટર બનાવવાનો કોઈ વિચાર ન હતો. છતાં શરૂઆતથી આ વિષયો કાઢી નાખવા એ યોગ્ય નથી.

પૂજ્ય શ્રીમોટાની અમદાવાદમાં શ્રી કાંટાવાળા સાહેબને ત્યાં પધરામણી હતી. હું અને મારાં માતાપિતા પૂજ્ય શ્રીમોટાનું માર્ગદર્શન લેવા રૂબરૂ ગયા હતા. પૂજ્ય શ્રીમોટાને બધી વાત કરી. એટલે પૂજ્યશ્રીએ સલાહ આપી કે ગણિત અને વિજ્ઞાનના વિષયો લેવડાવો, એ નભશે. વળી, અમને કહ્યું કે, 'આ વાત એમ ને એમ કહેતો નથી વિશ્લેષણ કરીને કહું છું.' અમે વિષયો ચાલુ રાખ્યા.

પૂજ્ય શ્રીમોટાને મળવા માટે જ્યારે મારાં માતાપિતા જતાં ત્યારે મારા અભ્યાસ અંગે પૂછપરછ કરતાં હતાં. એક વખત મારા પિતાશ્રીએ પૂજ્ય શ્રીમોટાને જણાવ્યું કે મહેનત કરીએ છીએ પણ કંઈ આશા દેખાતી નથી. આ વાત સાંભળીને પૂજ્ય શ્રીમોટાએ તે બે વિષયોના ટ્યૂશન રાખવાની સલાહ આપી. વાર્ષિક પરીક્ષાને ત્રણ મહિનાની વાર હતી, પરંતુ આખા વર્ષનો કોર્સ કરાવવો પડે. એટલે ટ્યૂશન ફી આખા વર્ષની આપવાની રહે. શિક્ષકોની આ શરત અમે સ્વીકારી. તેમ છતાં અભ્યાસમાં હું કાચો પડતો હતો. એટલે કોઈ સારી હાઈસ્કૂલમાં પ્રવેશ મળે એ માટે મારા પિતાશ્રીની વિનંતીથી તેમના નાના ભાઈ જયંતીભાઈ જાની જેઓ પણ શિક્ષક હતા, તેમણે પાલડીમાં આવેલી દીવાન બલ્લુભાઈ માધ્યમિક હાઈસ્કૂલમાં સંપર્ક કર્યો. સ્કૂલ શરૂ થઈ ગયાના ત્રણ માસ પછી મને પ્રવેશ મળ્યો. તે ઘટના આશ્ચર્યકારક હતી. પૂજ્ય શ્રીમોટાનો મનોમન અમો સહુએ આભાર માનેલો.

હું દસમા ધોરણમાં પાસ તો થયો છતાં ગણિત અને વિજ્ઞાનના વિષયોમાં માર્ક્સ ઓછા હતા. હરિઃૐ આશ્રમ, નડિયાદથી પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈનો પત્ર આવેલો કે પંકજના પરિણામ અંગે આજે સવારથી પૂજ્ય શ્રીમોટા પૂછપરછ કરતા હતા. પત્રમાં સલાહ હતી કે અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં પ્રવેશ માટે પ્રયત્ન કરવો. જોકે એવી નામી કૉલેજમાં એડમિશન મળશે નહિ એ વિચારના કારણે ખાનપુરમાં આવેલી ભવન્સ કૉલેજમાં ડિપ્લોમા કોર્સનું એડમિશન લીધેલું. તેમાં પાસ થયા બાદ રાજકોટની એ.વી.પી.ટી. કૉલેજમાં પોસ્ટ ડિપ્લોમાની ડિગ્રી માટે એડમિશન લીધેલું અને છેલ્લે ટેલિકૉમ્યુનિકેશનમાં ઉત્તીર્ણ થયેલો. તેના આધારે મને જી.ઈ.બી.માં નોકરી મળી હતી.

એક ઘટનાનો ઉલ્લેખ કરવાનો બાકી રહે છે. નરોડા મુકામે શ્રી નાના અમૃતકાકાનો પુત્ર જયેશ અને હું પૂજ્ય શ્રીમોટા સમક્ષ બેઠેલા હતા ત્યારે સ્વમેળે પૂજ્યશ્રીએ જયેશને કહેલું કે તું ડૉક્ટર બનજે અને મને કહેલું કે તું એન્જિનિયર બનજે. પૂજ્ય શ્રીમોટાના આ શબ્દો પ્રમાણે જયેશ ડૉક્ટર બન્યો અને હું ડિપ્લોમા એન્જિનિયર બન્યો.

દસમા ધોરણના અભ્યાસ દરમ્યાન નડિયાદ આશ્રમના મૌનરૂમમાં ૨૧ દિવસનું મૌનઅનુષ્ઠાન લેવાનું મને મન થયું. મારાં માતાપિતા મને આશ્રમમાં મૂકવા આવેલાં. મને મનમાં પ્રશ્ન હતો કે હું ૨૧ દિવસ મૌનમાં બેસું છું તેની જાણ પૂજ્ય શ્રીમોટાને હશે કે કેમ ? એ જ સમયે બૅંક ઑફિસરે શ્રીમોટાને કહ્યું કે તેઓ પ્રથમ વખત મૌનમાં બેસે છે. જવાબમાં

પૂજ્ય શ્રીમોટાએ કહ્યું કે ગભરાશો નહિ, આ દસમા ધોરણનો વિદ્યાર્થી પ્રથમ વખત ૨૧ દિવસ માટે મૌનમાં બેસે છે. મને મનોમન સમાધાન થયું.

પૂજ્યશ્રીએ સ્વહસ્તે લખેલો પત્ર મને મૌનરૂમમાં મળ્યો હતો જે આ મુજબ છે :-

હરિઃૐ

તા. ૧૭-૪-૧૯૭૩

પ્રિય ભાઈ પંકજ,

**તને હું તો હૃદયમાં હૃદયથી યાદ કરું છું.** તને જરા ગરમી વધારે લાગે તો તારે ઠંડા પાણીથી નાહી લેવું. સ્મરણ કરવું, પ્રાર્થના કરવી, મોટાને તારે જે કંઈ કહેવું હોય તો તે અંગે વાતચીત કરવી. ભજનો ગવાય - આવું બધું કરતો રહેજે. કંટાળો આવે ત્યારે ભગવાનનું નામ લેતાં લેતાં - ખૂબ મોટેથી બોલવું ને નાચવું. એમ કરીશ એટલે કંટાળો તો ઊભી પૂછડીએ નાસી જશે. કંઈક ગભરામણ થાય તો તારે મોટાને યાદ કરવા - મોટાના રૂપને તારી સાથે ભેટી લેવું - મોટાને વહાલ કરવું, એટલે તને સારું જ લાગશે. હિંમત રાખજે. હું તો તને યાદ કરું છું જ. ઘરના કશા વિચાર કરતો જ નહિ. ઘરનાં બધાં તારે માટે પ્રાર્થના કરે છે. તારી આવી ઉંમરમાં તને આવું બેસવાનું મન થયું તે જ મોટી વાત છે. આનંદમાં રહેજે.

**લિ. તારા મોટાનાં વહાલ**

આ પત્ર વાંચી મને મૌનરૂમમાં ભાવનો ઉછાળો આવ્યો હતો. આ મૌન દરમ્યાન પૂજ્ય શ્રીમોટાનો એક ઉત્સવદિન હતો ત્યારે મનોમન મેં મોટાને કહ્યું કે આજે તો તમે હજારો માણસો વચ્ચે હશો એમાં હું ક્યાંથી યાદ આવીશ ? પ્રતિભાવસ્વરૂપે ઉત્સવમાંથી પાછા આવતાંની સાથે જ મૌનરૂમના બાકોરામાંથી મને 'હરિઃૐ' કહેલું. શ્રી મણિકાકાએ મને સ્પષ્ટતા કરેલી કે **'શ્રીમોટા તને હરિઃૐ કહે છે.'** મારે મન હરખ - આનંદ સમાતો ન હતો.

એક પ્રસંગે મને મનમાં પ્રશ્ન થયેલો કે પૂજ્ય શ્રીમોટા સાથે મારો સંબંધ કયા પ્રકારનો હશે ? તેના જવાબરૂપે પૂજ્ય શ્રીમોટાએ મારા સાંભળતા શ્રી મણિકાકાને કહેલું, **'મારા આ ભાઈબંધની કાળજી રાખજો.'** ત્યારથી મારે મનોમન ભાઈબંધીના સંબંધની ખાતરી થઈ ગઈ છે. જે આજે પણ મારી ૬૮ વર્ષની ઉંમરે સપરિવાર કેનેડામાં સ્થાયી થયાના સમયે પણ સ્થિર છે.

પૂજ્ય શ્રીમોટા સાથેના બીજા અનેક નાનામોટા પ્રસંગો છે, ખાસ કરીને પૂજ્ય શ્રીમોટાના અંતર્યામીત્વના ઘણા પ્રસંગો અને અનુભવો છે. પણ તેને વર્ણવવા જતાં લખાણ વધી જાય. તેથી, તે પ્રસંગોનું વર્ણન ટાળ્યું છે.

અંતમાં પૂજ્ય શ્રીમોટાનાં ચરણોમાં પ્રણામ કરીને વિરમું છું.

હરિઃૐ ❑

**'હું સર્વત્ર વિદ્યમાન છું'**

**- શ્રીમોટા**

## (૬) પૂજ્ય શ્રીમોટાની ચેતનાશક્તિનો પ્રસંગ : રજનીભાઈને વસ્ત્રવિહીન કરનાર શ્રી ઈન્દુકાકા

રજનીભાઈ બર્માવાલા

પૂજ્ય શ્રીમોટાના શરીરની પ્રત્યક્ષ હાજરીમાં તેઓશ્રીની ચેતનાશક્તિના પ્રતાપે આ રજનીભાઈનું શરીર ૧૦૭ ફેરનહાઈટ ડીગ્રીમાં પણ જીવિત રહી શક્યું હતું નહિતર આ રજનીભાઈના ક્યારનાય રામ રમી ગયા હોત. ખાસ તો આ પ્રસંગના સાક્ષીઓ શ્રી ઈન્દ્રવદનભાઈ શેરદલાલ તથા તેમનાં પત્ની શ્રીમતી જયશ્રીબહેન હજુ જીવિત છે. નહિંતર લોકો તો એમ જ માને કે આ રજનીભાઈ તો પ્રસિદ્ધિ મેળવવા માટે પૂજ્ય શ્રીમોટાના નામે ગપ્પાં માર્યાં કરે છે.

આ પ્રસંગ હરિઃૐ આશ્રમ જહાંગીરપુરા, સુરત મુકામે બનેલ છે. ચોક્કસ વર્ષ અને સમયગાળો તો હાલ યાદ નથી પણ સન ૧૯૭૪ કે ૭૫ હોઈ શકે. ડભાણવાળા શ્રી રાવજીભાઈ પટેલનાં બહેન શ્રીમતી ડાહીબહેન ઘણાં વર્ષો સુધી પૂજ્ય શ્રીમોટાના શરીરની સેવામાં હતાં. તેઓ સેવામાંથી નિવૃત્ત થયા પછી શ્રીમોટાની સેવામાં નડિયાદના શ્રી રાજેન્દ્રભાઈ (શ્રી રાજુભાઈ) પટેલનાં બહેન શ્રીમતી અનિલાબહેન આવતાં. કોઈ વખત શ્રી રાજેન્દ્રભાઈનાં પત્ની શ્રીમતી રેણુકાબહેન અથવા શ્રીમતી જયશ્રીબહેન શેરદલાલ પણ આવતાં.

આ રજનીભાઈને એક બાબતનો ચોક્કસ ખ્યાલ છે કે જયશ્રીબહેન તો સેવામાં આવતા પહેલાં જ શ્રીમોટા સાથે શરત કરતાં કે 'મોટા, તમે ગુસ્સો નહિ કરો તો આવીશ.' શ્રીમોટાની સાથે તેઓશ્રીની સેવામાં રહેવું, તલવારની ધાર પર રહેવા જેવું હતું. શ્રીમોટાના ક્રોધનો જ્વાળામુખી ક્યારે ફાટી નીકળે તે કંઈ કહી શકાય નહિ. એ તો શ્રીમોટાની સેવામાં જે રહ્યા હોય તેને જ ખબર પડે. શ્રીમોટા જયશ્રીબહેનની એ શરત કબૂલ રાખતા. આમ તો જયશ્રીબહેન એકલાં જ આવતાં પણ આ પ્રસંગ બન્યો ત્યારે કંઈક ઈન્દુકાકાને પણ સાથે આવવાનું બન્યું હતું.

ત્યારે આ રજનીભાઈને એકાએક એકદમ ભારે એવો તાવનો હુમલો આવ્યો હતો કે એ સમયની શારીરિક, માનસિક સ્થિતિનું વર્ણન થઈ શકે તેમ નથી. છતાં શબ્દોમાં થોડુઘણું જણાવું છું કે આખું શરીર ભયંકર ગરમીથી ધગધગતું હતું અને મગજની નસો તો જાણે હમણાં જ ફાટી જશે અને શરીર છૂટી જશે એવું લાગતું હતું. એટલે કંઈ શ્રીમોટાની કૃપાથી 'હરિઃૐ'નું સ્મરણ જોરજોરથી બોલવા માંડ્યું હતું અને એકધારું સતત જોરજોરથી 'હરિઃૐ' બોલાયે જતું હતું અને અંદરથી એ સ્થિતિમાં પણ સો એ સો ટકા પૂરી જાગૃતિ અને સભાનતા હતી કે 'મોટા છે, એટલે આપણને કંઈ થવાનું નથી.'

રજનીભાઈની આ સ્થિતિની શ્રીમોટાને ખબર પડી હશે તેથી તેઓશ્રીના શરીરની સેવામાં આવેલા ઈન્દુકાકા અને જયશ્રીબહેનને સેવામાં મોકલી આપ્યાં. આ સંજોગોમાં તાત્કાલિક તો શું થઈ શકે ? પણ હાથવગા દેશી ઉપાય તરીકે

આ ભયંકર તાવને ખાળવા માટે રસોડામાંથી એક મોટી પાણી ભરેલી તપેલી મંગાવી અને તેમાં બે-ચાર મુઠ્ઠી ભરીને મીઠું ઓગાળી દીધું અને ઇન્દુકાકા અને જયશ્રીબહેને નેપકીનો મીઠાવાળા પાણીમાં બોળીને માથાથી તે પગ સુધી ફેરવીને તે પોતાં અન્ય એક તપેલીમાં બોળીને માથાથી પગ સુધી ફેરવતાં રહેતાં.

તેમના આ કામમાં ઇન્દુકાકાને રજનીભાઈએ પહેરેલ એક માત્ર ખાદીની લુંગી કંઈ નડતરરૂપ લાગી. તેથી તેમણે તો તે લુંગી એકદમ કાઢી નાખી અને બાજુ પર રાખી દીધી અને આ રજનીભાઈને તદ્દન નિર્વસ્ત્ર કરીને ઇન્દુકાકા અને જયશ્રીબહેન માથાથી પગ સુધી મીઠાનાં પાણીનાં પોતાં ફેરવતાં રહ્યાં. ત્યારે એ સ્થિતિમાં આ રજનીભાઈને સંકોચ થયેલો કે આ ઇન્દુકાકા તો ખરા, કહેવા પડે. આ જયશ્રીબહેનની હાજરીમાં આ રજનીભાઈને તદ્દન વસ્ત્રવિહીન કરી દીધા ! પણ શ્રીમોટાની કૃપાથી આ સંકોચ પછી વિલીન થઈ ગયો હતો.

ત્યારે આશ્રમમાં થર્મોમિટર તો રાખતા એટલે ઇન્દુકાકાએ તાવ માપ્યો તો પારો ૧૦૨-૩-૪-૫-૬ નહિં પણ ૧૦૭ ડિગ્રી પર જઈને અટક્યો હતો. તાવ માપીને ઇન્દુકાકાએ જયશ્રીબહેનને કહ્યું કે ૧૦૭ ડિગ્રી તાવ છે ત્યારે જયશ્રીબહેન બોલ્યા હતા કે રજનીને ના કહેશો કે ૧૦૭ ડિગ્રી તાવ છે પણ શ્રીમોટાની કૃપાથી આ રજનીભાઈ એ જીવલેણ સ્થિતિમાં પણ પૂરેપૂરી સભાનતા અને સ્વસ્થતામાં હતા. જેથી આ વાતચીત સાંભળી હતી. આ પોતાં મૂકવાની ક્રિયા લગભગ કલાક-દોઢ કલાક સુધી આ શેરદલાલ દંપત્તીએ ચાલુ રાખી હતી.

શ્રીમોટાની કાયમી સૂચના હતી કે આશ્રમમાં કોઈની પણ તબિયત બગડે તો તે વ્યક્તિને હૉસ્પિટલમાં દાખલ કરવી. પણ ત્યારે કંઈ આશ્રમમાં ફોનની સગવડ ન હતી કે કોઈને ફોન કરીને કોઈ વાહન રિક્ષા કે કાર મંગાવીએ એટલે આશ્રમમાંથી કોઈકને સાયકલ પર રાંદેર તે વખતના ડૉક્ટર શ્રી મલેકસાહેબને બોલાવવા માટે મોકલાવેલ. ડૉક્ટર શ્રી મલેકસાહેબ કલાક-દોઢ કલાક બાદ આવી પહોંચ્યા હતા. પ્રથમ તો તેમણે તાવ માપ્યો ત્યારે ૧૦૫ ડિગ્રી હતો તે જોઈ તેઓ બોલ્યા હતા કે ‘દીકરા, આ શું કર્યું છે ?’ પછી તો તેમણે બંને થાપાઓ પર એક એક ઇંજેક્શન આપ્યાં. પછી તાવ કાબૂમાં આવતાં ધીરે ધીરે ઓછો થયો હતો. ડૉ. શ્રી મલેકસાહેબે જણાવ્યું હતું કે આ મલેરિયાનો તાવ હતો. થોડા દિવસની સારવાર પછી બધું થાળે પડી ગયું હતું.

શ્રીમોટાની ચેતનાશક્તિથી આ જીવલેણ સ્થિતિમાં જોરજોરથી ‘હરિઃૐ’નું સ્મરણ એકધારું સતત લેવાયાં કર્યું, જેથી પ્રાણશક્તિ શરીરમાં રહી અને શેરદલાલ દંપતીની પ્રેમાળ સારવારથી આ રજનીભાઈના શરીરનું તાપમાન ૧૦૭ થી ૧૦૫ ડિગ્રી પર આવી ગયું. ૧૦૫ ડિગ્રી તાવ હોય તો સનેપાત થઈ જાય. મગજ પરનો કાબૂ ગુમાવી દેવાય. બેહોશ થઈ જવાય કે લવારીએ ચઢી જવાય. આ રજનીભાઈને તો ૧૦૭ ડિગ્રી તાવ હતો. પરંતુ શ્રીમોટાની ચેતનાશક્તિએ નવું જીવન બક્ષ્યું અને આજે ૮૧ વર્ષની ઉંમરે પણ જીવતા રાખ્યા છે. ❑

## (૭) પૂજ્ય શ્રીમોટાનાં સંસ્મરણો

પૂનમભાઈ રણછોડભાઈ પટેલ

પૂજ્ય શ્રીમોટાનું પ્રથમ દર્શન ભાદરણ મુકામે તેમના અનન્ય ભક્ત શ્રી ચુનીલાલ ફુલાભાઈ પટેલ, તમાકુના વેપારીને ત્યાં થયું હતું. એઓશ્રી તે સમયે ચીન સાથે આપણું યુદ્ધનું મંડાણ થયું હતું તેનો સામનો કરવા પૂજ્ય શ્રીમોટા સોનાની માગણી સૌ કોઈ પાસે માંગતા હતા. મળેલ રકમમાંથી કાળાબજારમાંથી સોનુ ખરીદી સંરક્ષણ ફાળામાં આપતા. આ કામમાં મદદ કરવા મને પ્રેમથી સૂચવતા. હું સરપંચ હોવાથી મેં હા પાડી પણ રજા માંગી કે મોટા લોકોને માનસિક રીતે તૈયાર કરી પછી આપણે જોષીકૂવા નિમંત્રણ આપીશ. એમને આ વાત બહુ જ ગમી હતી.

જોષીકૂવા પૂજ્યશ્રી પધાર્યા. શાળામાં શિક્ષકોએ કાર્યક્રમ રાખ્યો. મેં તક જોઈને રાષ્ટ્રધ્વજ સ્થંભનું ખાતમુહૂર્ત કરાવ્યું. પૂજ્યશ્રી ટૂંકમાં બોલ્યા કે 'ભઈલા આપણે નહિ હોઈએ તો ચાલશે પણ આ રાષ્ટ્રધ્વજ તો હોવો જ જોઈએ.' (આ પ્રસંગની તકતી મૂકી છે.) ત્યારબાદ પૂજ્ય વિનોબા ભાવેના સંદેશ દ્વારા શાળઆમાં મૂકેલ સર્વોદય પાત્રનું અનાજ ભેટ ધર્યું હતું. લગભગ ૩૫-૦૦ રૂપિયાનું હતું.

પંચાયતે લેવી માટે સરકારને આપવા ભેગું કરેલ અનાજ સો મણ જેટલી ડાંગર હરિઃૐ આશ્રમને ભેટ ધર્યું જે પૂજ્ય શ્રીમોટાએ સ્વીકારી સરકારને દાનમાં પરત આપેલ. તેની પાવતી પણ આપેલ હતી. ગામમાં જાહેર સભા રાખી હતી. વડોદરાથી સંગીતકારોએ પોતાની હૃદયની ઊર્મિઓ ઠાલવી. પૂજ્ય શ્રીમોટાને રાજી કરી દીધા હતા. સબસે ઊંચી પ્રેમ સગાઈ ના હાર્મોનિયમ તથા તબલાના સંગતથી શાસ્ત્રીય સંગીતકાર કનૈયાએ વાતાવરણ મંત્રમુગ્ધ કરી દઈ પૂજ્યશ્રીને રાજી કર્યા હતા. લોકોએ સોનુ, આખું ચાંદીનું તાળું, લેલુ પંચાયતે આપેલું તેની હરાજીમાં મોટી રકમ મળી હતી.

મારા ઘરે તેમની પધરામણી કરી ત્યાં પણ સંગીતકારોએ ઊંચામાં ઊંચી તરજો સંભળાવી. ભજન ધૂનોથી રાજી કર્યા હતા. એમનું પાદુકાપૂજનનો કાર્યક્રમ રાખ્યો હતો. મારા પત્ની હીરાબહેને તથા મેં બ્રાહ્મણો દ્વારા વેદોક્ત રીતે પાદુકાપૂજન કરાવી ભાગ્યશાળી બન્યા હતા. પુષ્કળ ગિરદી થવાથી પૂજ્યશ્રી જાતે કોઈની સહાય વિના પગે ચાલી ઘરના અંદરના ભાગે પધારી પૂજ્ય રંગ અવધૂત બાપજીનાં માતુશ્રીનાં ફોટાને તથા દીપકને ભાવવાહી શક્તિથી પગે લાગ્યા. પૂજન વખતે વારંવાર કુદકાભરી હર્ષના આંસું ઠાલવતા. એઓશ્રીના વરદ હસ્તે બાપજીએ અભિમંત્રિત પાદુકાનું પૂજન કરાવી તથા દત્ત પરંપરાગત અંશી અવતારોની છબીઓને પ્રતિષ્ઠા કરી સ્થાન કરાવ્યું હતું. જે આજે પાદુકા તથા દત્તભગવાન, પૂજ્ય પાદ્ શ્રીપાદ્‌વલ્લભ, પૂજ્યપાદ્ શ્રી નરસિંહ સરસ્વતી સ્વામી, પૂજ્યપાદ્ વાસુદેવાનંદ સરસ્વતી, પૂજ્યપાદ્ રંગ અવધૂત મહારાજશ્રી તથા તેમનાં માતુશ્રીની મોટા કદની છબીઓને પગે લાગી સ્થાપિત કરી જે અત્યારે ગાંધીનગર સેક્ટર નં. ૨૮ ના દત્તમંદિરમાં મોજૂદ છે. દરરોજ વેદોક્ત વિધિથી પૂજા કરવામાં આવે છે. એમની જન્મજયંતીનો પ્રસંગ મારા ગામમાં શ્રી ખુશાલભાઈ મહીજીભાઈને ઘરે ઊજવેલ હતો. તે રકમ પૂજ્યશ્રી ભાઈકાકાની સેવામાં અર્પણ કરી હતી. ને બોલ્યા કે રાજકારણને બાદ કરી ભાઈકાકાની સેવાઓની અલ્પ કદર તરીકે ઉત્સવ નિમિત્તની બધી રકમ અર્પણ કરી હતી.

પૂજ્યશ્રી મોટા કોસિંન્દ્રા ગામે સાર્વજનિક હાઈસ્કૂલનું ખાતમુહૂર્ત કરી આશીર્વાદ આપી બોલ્યા કે 'ભઈલા મથ મથ કરજો હાઈસ્કૂલ થઈ જશે.' એક વણકરભાઈએ ૪ ચાર વીઘાં જમીન દાનમાં આપેલી છે. પૂજ્ય શ્રીમોટાએ તેઓને ગોલ્ડ મેડલ આપવા સૂચવેલું હતું. તક્તીમાં પૂજ્ય શ્રીમોટાનું નામ મૂકેલ છે. પૂજ્યશ્રીમોટા આંકલાવમાં ત્રણ વખત પધાર્યા હતા. બ્રહ્મીભૂત સ્વામીની પુણ્યતિથિ નિમિત્તે પધાર્યા, સ્વામીશ્રીની લાઈબ્રેરી વિદ્યાનગર ભાઈકાકા લાઈબ્રેરીમાં આપવા શ્રી ઈશ્વરભાઈ ઉપકુલપતિશ્રીને તેડતા આવ્યા હતા. સ્વામીશ્રીની બધી કારકિર્દી જાણ્યા પછી બોલ્યા કે મહાન પુરુષ મરતો હોય છે પણ એનું વાતાવરણ મરતું નથી. બ્રહ્માંડની રચના પહેલાં પણ વાતાવરણ હતું. ભઈલા આ સ્વામીજીની વ્યવસ્થાશક્તિ ભારે ગણાય. આ પ્રસંગે મારાથી તેમને ક્યાં ઉતારવા તેની ગૂંચવણમાં ઠપકો આપ્યો હતો. હું પાછો જતો રહીશ એમ બોલેલા જેનાથી હું ચેતી ગયો હતો. ત્યારબાદ આંકલાવ હાઈસ્કૂલના એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભમાં હાજરી આપી હતી. ત્યાં સંબોધન કરેલું કે વિદ્યાર્થીઓએ ગુરુભાવ કેળવવો જોઈએ. તે પ્રસંગે એક ચાંદીના તાળાની હરાજી કરેલી. મોટા ભાગના લોકો તાળુ ખરીદે ને પાછું શ્રીમોટાને ભેટ ધરે તે તેની એટલી બધી માગ થતી ને હરાજીની રકમ ખૂબ મળવાથી શ્રીમોટાને સંતોષ થઈ ના પાડવી પડી કે હવે હરાજી કરશો નહિ. પ્રજાએ પૂજ્યશ્રીમોટા પર પૈસાનો વરસાદ વરસાવી દીધો. આ તાળાંનો ઈતિહાસ યાદ રહી જશે. એક શિક્ષિકાને તાળું આપી હરાજી બંધ કરાવી ત્યારબાદ વારિગૃહનું ખાતમુહૂર્ત વિધિ હાથ ધરી જેને માટે આંકલાવના સરપંચ શ્રી ફાધર સૂર્યાએ આધુનિક તૈયારી કરી હતી. પૂજ્યશ્રીએ જાહેર સભામાં પ્રતિષ્ઠિત નાગરિક શ્રી હિરાગીરી ગોવિંદગીરી બેરિસ્ટરને પૂછ્યું કે ભાઈ હિરાગીરી હરિજનોને આ વારિગૃહનું પાણી પીવા મળશે ને ? જ્યારે હિરાગીરીએ હા પાડી ત્યારે પૂજ્યશ્રીએ વિધિ કરી તેમાં મૂકવાના પત્રમાં પોતાની સહી કરી (ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા).

એક દિવસ પૂજ્ય શ્રીમોટા વહેલી સવારે ૪ વાગે હિરાગીરીના મંડપમાં પધાર્યા ને બેરિસ્ટરને પગે લાગી બોલ્યા કે ભાઈ હિરાગીરી આપ ભણેલા ગણેલા મોટી મિલકત ધરાવનાર શહેરમાં જીવન નહિ વિતાવતાં ગામડામાં 'એક તમારા ગુરુના વચન ખાતર જીવન વિતાવો છો ત્યારે મારું મસ્તક તમોને નમે છે.' ધન્ય છે. તે દિવસે પૂજ્ય શ્રીમોટાએ ભોંય પર પાથરણા પર બેસી દેશી ગામડાની રીતે કંસાર જમી ધન્યતા દાખવી હતી. મઠની બાંધણીમાં વપરાયેલ જૂના ડાંગીસાગના પાટડા જોઈ રાજી થયા હતા. ત્યારબાદ ગામમાં જોવા ચાલીને નીકળ્યા હતા. ખાસું એક કિલોમીટર ચાલ્યા જ હતા તેમાં કોઈ ખામી નહિં. વચમા મહાદેવમાં તેમનું પાદપૂજન હિરાગીરીએ રખાવ્યું. ત્યારે પૂજ્ય શ્રીમોટાએ કહ્યું કે આપણી મૌલિકતા તો જુઓ. ચોમાસું ચરેલ માતબર બનેલ સાંઢ પુનઃ ભગવાન અભિમુખ બની કાચબા જેમ ઈન્દ્રિઓને સંકેલી લઈ શિવલિંગ-આત્મલિંગ સન્મુખ બની જ્ઞાનીસ્વરૂપ બની અખંડ ચેતનાનો ધારક થાય છે.

દર્શન કર્યા પછી ખુરશીમાં બેસાડ્યા તો બોલ્યા કે દેવને પૂંઠ બતાવાય નહિ માટે ખુરશી ફેરવી નંખાવી પછી મોટી ખડકીવાળા શનાભગતનું પૂજન સ્વીકારી પી. ટી. પટેલની લેવા આવેલ ગાડીમાં બેસી વિદાય થયા. (ક્રમશઃ)

સ્વતંત્ર સેનાની, મુ. પોસ્ટ જોષીકૂવા, તા. આંકલાવ, જિ. આણંદ ❑

## (૮) જન્મે જન્મે નવો સંબંધ બંધાય છે

સ્વામી પ્રકાશાનંદજી

પૂર્વે ચિત્રકેતુ નામના ચક્રવર્તી રાજાની સર્વ મનોકામના પૂર્ણ થતી હતી, પણ પોતે અપુત્ર હોઈ બધો રાજવૈભવ એમને આનંદ આપી શકતો નહિ. દયાળુ અંગિરા ઋષિએ ત્વષ્ટ્રાદેવનું યજન કરી રાજાને પુત્રવાન બનાવ્યો. રાણી કૃતદ્યુતિને માતૃત્વ પ્રાપ્ત થયું એટલે તેની ઘણી શોક્યો ઈર્ષ્યાથી બળવા લાગી. રાજા ચિત્રકેતુ પણ પુત્રવતી રાણીનો વધારે આદરસત્કાર કરવા લાગ્યા. આ કારણે પણ બીજી રાણીઓના મનમાં ભારે દ્વેષ ઉત્પન્ન થયો. દ્વેષને લીધે તે રાણીઓની બુદ્ધિ નાશ પામી, પરિણામે તે સ્ત્રીઓએ કુંવરને ઝેર દીધું. કુંવર મૃત્યુ પામ્યો. રાજા મહાશોકમાં ડૂબી ગયા.

રાજા ચિત્રકેતુને દુખિત, મૂર્છિત અને અનાથ જેવા જોઈ બ્રહ્માના પુત્ર મહર્ષિ અંગિરા મહર્ષિ નારદ સાથે ફરી ત્યાં આવ્યા. તેઓ શાસ્ત્રોનાં સત્ય વચનોથી રાજાને ઉપદેશ કરવા લાગ્યા. તેમણે કહ્યું, ‘હે રાજેન્દ્ર ! જેની પાછળ તું શોક કરે છે, તેની સાથે તારે વાસ્તવિક શો સંબંધ છે ? પૂર્વજન્મમાં તારે તેની સાથે કેવો સંબંધ હતો ? હમણાં કેવો છે ? અને હવે પછી કેવો હશે ?’

મહર્ષિએ કહ્યું, ‘વિચાર કરી જુઓ. નદીનો ધસમસતો પ્રવાહ વેગથી વહે છે. રેતીના કણો એકઠા થાય છે અને વળી વીખરાય છે. તે જ પ્રમાણે પ્રાણીઓ પણ કાળના પ્રવાહમાં પરસ્પર એકઠાં થાય છે અને વળી જુદાં પડે છે. પૂર્વજન્મમાં જે પ્રાણીઓ પિતા વગેરે રૂપે ભેગાં હતાં, તેઓ જ મરણથી જુદાં પડી, તે વર્તમાન જન્મમાં કોઈ સમયે તેનાં જ અથવા બીજાનાં સ્ત્રી, શત્રુ, મિત્ર વગેરે થાય છે. માટે આ તારો પુત્ર અને તું એનો પિતા એવો સનાતન નિયમ જ નથી. **વસ્તુતઃ અહંતા અને મમતા અજ્ઞાનને લીધે છે.** અને મૃત્યુ તો સર્વને માટે સાધારણ છે. ભગવાનનો ભક્ત મોહ પામવા યોગ્ય નથી.

મહર્ષિ અંગિરાએ કર્મ સમજાવતાં કહ્યું, ‘પુરુષ કર્મની વાસનાઓથી વિષયોનું ચિંતન કરે છે. તેથી તેના મનમાં નાનાં પ્રકારનાં કર્મો ઉત્પન્ન થતાં હોય છે. આ પ્રમાણે કર્મ પણ મનમાંથી જ ઉત્પન્ન થયેલાં ગણાય.

મહર્ષિ નારદે પોતાના યોગબળે મરી ગયેલા રાજકુમારને જીવતો પ્રત્યક્ષ કર્યો અને તે જીવાત્માને કહ્યું કે, ‘તારાં માતા-પિતા, સગાં-સંબંધીઓ અને બાંધવો સર્વ તારા મરણથી અત્યંત ખિન્ન થઈ ગયાં છે. હવે તું પુનઃ આ શરીર દ્વારા પિતાનો વૈભવ-રાજ્યાસન ભોગવ.’

રાજકુમારના જીવાત્માએ શરીરમાં પ્રવેશ કરી તેનાં માતાપિતા અને સંબંધીઓને ઉદ્દેશીને બોલ્યો, ‘હું તો કર્મને આધીન થઈ જુદી જુદી તેમ જ મનુષ્યયોનિમાં ભટક્યા કરું છું. મારા પ્રત્યે પુત્રબુદ્ધિ રાખી તમો શોક કરો છો, પણ માનો કે હું કોઈ જન્મનો તમારો શત્રુ હતો-એમ માની મારા મરણથી રાજી કેમ થતા નથી ? સાંસારિક સંબંધો કાંઈ નિત્ય રહેતા નથી. વળી, એકનો એક સંબંધ કાયમ રહેતો નથી. **જન્મે જન્મે નવો સંબંધ બંધાય છે.**’

વેપાર-વણજ માટે જેમ સોનું વગેરે પદાર્થો વેપારીઓમાં આડાઅવળા ફર્યા કરે છે તેમ જ જીવ પણ પોતાનાં શુભાશુભ કર્મ દ્વારા અનેક યોનિઓમાં ભટક્યા કરે છે.

‘ધર્માલાપ-આપણો ધર્મ’, ત્રીજી આ., પૃ. ૨૩૮ ❑

## (૯) શ્રીગુરુ માહાત્મ્ય : ઉમા-મહેશ સંવાદ

**શ્રીરણછોડદાસજી મહારાજ**

(૧) 'હે દેવી ! જબ તક દેહ હૈ, કલ્પ કે અંત તક રહને વાલા હો, તબ તક શ્રીગુરુદેવ કા સ્મરણ કરના ચાહિયે. આત્મજ્ઞાન-આત્મ-સાક્ષાત્કાર હોને કે બાદ ભી શિષ્ય કો શ્રીગુરુ-દેવ કી આજ્ઞા કા ઉલ્લંઘન નહિ કરના ચાહિયે.'

(૨) 'જબ તક દશ્યપ્રપંચી વિસ્મૃતિ ન હો જાય તબ તક શ્રીગુરુદેવ કે પાવન ચરણકમલોં કી પૂજા-અર્ચના કરના ચાહિયે. ઐસા કરને-વાલે કો હી કૈવલ્યપદ કી પ્રાપ્તિ હોતી હૈ, ઈસસે ઊલટા કરનેવાલે કો નહીં.'

(૩) 'હે પાર્વતી ! મુનિ, નાગ, દેવતા આદિ કે શાપસે તથા યથાકાલ મૃત્યુ કે ભય સે ભી શ્રીગુરુદેવ શિષ્ય કો બચા લેતે હૈં.'

(૪) 'શ્રીગુરુદેવ કે કૃપાપ્રસાદ સે ખુદ કે ભીતર હી આત્માનંદ પ્રાપ્ત કર કે સમતા ઔર મુક્તિ કે માર્ગ દ્વારા શિષ્ય કો આત્મજ્ઞાન ઉપલબ્ધ હો જાતા હૈ.'

(૫) 'નિત્ય ગુરુદેવ કા ધ્યાન કરને સે જીવ બ્રહ્મમય હો જાતા હૈ. વહ કિસી ભી સ્થાન મેં રહતા હો, ફિર ભી મુક્ત હી હૈ ઈસ મેં કોઈ સંશય નહીં હૈ.'

(૬) 'મનુષ્ય કે લિયે શ્રીગુરુદેવ હી શિવ હૈ, શ્રીગુરુદેવ હી દેવ હૈ, શ્રીગુરુદેવ હી બાન્ધવ-સ્વજન હૈ, શ્રીગુરુદેવ હી અપની આત્મા હૈ, શ્રીગુરુદેવ હી અપના જીવ (જીવન) હૈ. શ્રીગુરુદેવ બિના અન્ય કુછ હૈ હી નહીં.'

(૭) મોક્ષ કી ઈચ્છા રખનેવાલોં કો ખૂબ ગુરુભક્તિ હી કરના ચાહિયે ક્યોંકિ શ્રીગુરુદેવ કે દ્વારા હી મોક્ષ કી પ્રાપ્તિ હોતી હૈ.

(૮) 'શ્રીગુરુદેવ કે દર્શન કરકે, શ્રીગુરુદેવ કે કૃપાપ્રસાદ સે સબ પ્રકાર કે સંગ, આસક્તિ, લગાવ કા ત્યાગ કરકે એકાકી કામનારહિત શાંત હોકર રહના.'

(૯) 'હે દેવી ! કલ્પપર્યંત કરોડો જન્મોં મેં કિયે યજ્ઞ, વ્રત, તપ ઔર શાસ્ત્રોક્ત ક્રિયાએં આદિ સબ શ્રીગુરુદેવ કે સંતોષ માત્ર સે સફલ હોતે હૈં.'

(૧૦) 'જિનમેં ગુરુભક્તિ હોતી હૈ ઉનકી માતા ધન્ય હૈ, ઉનકે પિતા ધન્ય હૈ, ઉસકા ગોત્ર ધન્ય હૈ, ઉનકે વંશમેં જન્મ ધારણ કરનેવાલે ધન્ય હૈ ઔર જહાં ગુરુભક્ત હૈ વહાં કી વસુધા ધન્ય હૈ.'

(૧૧) 'શ્રીગુરુદેવ હી શિષ્ય કે શરીર, ઈંદ્રિયાં, પ્રાણ, ધન, સ્વજન, બંધુ, બાંધવ, માતા કા કુલ, પિતા કા કુલ આદિ સબ હૈં. ઈસ મેં કોઈ સંશય નહીં.'

(૧૨) 'શ્રીગુરુદેવ હી ધર્મ હૈ, શ્રીગુરુદેવ-મેં નિષ્ઠા હી પરમ તપ હૈ, શ્રીગુરુદેવ સે અધિક દૂસરા કુછ હી નહીં હૈ. હે દેવી ! મૈં તીન બાર ઐસા કહતા હૂં.'

(૧૩) 'શ્રીગુરુભક્તિ હી સબ સે શ્રેષ્ઠ તીર્થ હૈ, ઔર તીર્થ નિરર્થક હૈ. હે દેવી ! શ્રીગુરુદેવ કે ચરણકમલ હી સર્વ તીર્થમય હૈ.'

(૧૪) 'હે પાર્વતી ! શ્રીગુરુદેવ કો સંતુષ્ટ કરને સે શિષ્ય મુક્ત હો જાતા હૈ. શ્રીગુરુદેવને બતાયે માર્ગ પર ચલનેવાલોં કે લિયે શ્રીગુરુદેવ સમાન ઔર કોઈ સાધન નહીં હૈ.'

'શ્રીગુરુદેવ કી સંનિધિ મેં, ભાગ-૭', પ્ર. આ., પૃ. ૨૯૭ ❑

બધાં મળેલાં સાથે જ્ઞાનપૂર્વકનો સદ્ભાવ કેળવવામાં આપણો જીવનવિકાસનો સાચો અને પૂરો સ્વાર્થ રહેલો છે.

વળી, બીજી એક મુખ્ય હકીકત આપણે ખ્યાલમાં તો એ રાખવાની છે કે **જે જે રીતે, જેવું જેવું આપણે સાંભળ્યું, વિચાર્યું, વર્ત્યાં, બોલ્યાં ને જેવી જેવી વૃત્તિ તે તે પળે આપણી રહી, તે તે રીતનું તેવું તેવું, તેવી તેવી વૃત્તિનું જીવન આપણે નિર્માણ કરી ચૂક્યાં એમ નિશ્ચે જાણવું, સમજવું ને માનવું.**

આ હકીકત સાચી છે. તેમાં કલ્પનાનો મુદ્દલે અંશ નથી. તેથી, આપણે સાંભળતાં, વિચારતાં, બોલતાં, વર્તતાં, વહેવાર કરતાં, સંપર્ક સાધતાં આ બધું થતું રહેવાની પળ હોય તે પહેલાં અને **તે વેળા આપણે ઘણા ઘણા સાવધ અને સાવધાન રહેવાની જરૂર છે.**

જીવકક્ષાનું જે નકારાત્મક હોય, તેવું જીવનમાં નિર્માણ નથી જ થવા દેવું એવો મક્કમ નિર્ધાર જે જીવે કરેલો છે, તેવો જીવ કંઈ પણ કશો નકારાત્મકપણાનો અંતરમાં કે બહારથી અનુભવ થતાં અંતરથી સાબદો બની પૂરો જાગ્રત બને છે.

આ રીતે જાગ્રત થયા જવાનો અભ્યાસ જેમ જેમ જીવતો થતો જાય છે, તેમ તેમ જીવન-વિકાસ પરત્વેનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ સાધકના અંતરમાં અંતરથી એના યોગ્યપણામાં પ્રકટતાં બની જતાં હોય છે. એવી વેળાથી જ સાધકનું જીવનવિકાસને યોગ્ય રીતે જિવાવાનું શરૂ થતું હોય છે.

સાધકના તેવા કાળના જીવનની શરૂઆત તે તો હજી સાધનાનું પ્રથમ પગથિયું ગણાય છે. માટે, આપણે વાત કરતાં કે વાત સાંભળતાં સદાય ચેતતાં રહેવાનું છે. કોઈ કોઈને વિશે આડીતેડી વાત કરતું આવે, તો ઘણા પ્રેમથી તેને પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવવાનું કરવું. ગમે તે થાય પણ જીવનનાં નકારાત્મક પાસાંને તો કાન, મોં, આંખ ન ધરવાં તે ન જ ધરવાં. **તમારી પાસે આવી જાતની ગુરુદક્ષિણા માગ્યા કરું છું.** એવું એવું જો કોઈ આપ્યા કરે તો આ જીવને ઘણાં આરામ, શાંતિ, આનંદ વગેરે મળ્યાં કરે.

આપણાથી જાણ્યેઅજાણ્યે આપણા વર્તનથી, શબ્દથી, વ્યવહારથી કોઈનો પણ વિરોધ વહોરી લેવાનું ન બને તેની પૂરેપૂરી જાગ્રત કાળજી આપણે રાખવાની છે. કોઈને શિખામણ કે બોધનાં વચનો કથવાં જ નહિ. વણમાંગ્યું વચન ઉચ્ચારવું નહિ. વચનમાં તો દરિદ્રતા જ શોભે. નામસ્મરણમાં જેટલી વાણી ખર્ચાય તેટલી ઉત્તમ છે. વાણીનો સંયમ અંતરની શક્તિને પ્રગટ કરવામાં ઘણો મોટો ભાગ ભજવે છે.

સાધકને કાજે વાણીનો સંયમ એ ઘણો ઘણો જરૂરનો છે. એ સંયમ સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ- એમ ત્રણ પ્રકારનો હોય છે.

'જીવનપોકાર', બી. આ., પૃ. ૨૦ ❑

## (૧૧) ગોપીચંદને માની ભિક્ષા

**બાબા સાવનસિંહજી**

જ્યારે ગોપીચંદ ગોરખનાથની પાસે જઈ યોગી બન્યા, ત્યારે ગોરખનાથે વિચાર્યું કે આ રાજા છે, એની માન-મોટાઈની ભાવનાને કાઢવી જોઈએ એમ વિચારીને ગોરખનાથે કહ્યું, 'પુત્ર, પહેલાં તારી રાજધાનીમાં જઈ ભિક્ષા માગ !'

ગોપીચંદ જ્યારે તેમની રાજધાનીમાં ભિક્ષા માગવા ગયા ત્યારે જે માણસ એક પૈસો આપતા વિચારતો હતો તેણે રૂપિયો આપ્યો, એમ વિચારીને કે આ તો આપણા રાજા છે. જ્યારે પોતાના મહેલમાં ગયા તો રાણીઓએ વિચાર્યું કે રાજા યોગી બની ગયા છે. અમારે હાર-શ્રૃંગારનું શું કામ છે ? તેમણે બધાં હાર-શ્રૃંગાર યોગીની ઝોળીમાં નાખ્યા.

ગોપીચંદની માએ જોયું કે એણે વળી પાછો દોલતનો ઢગલો ભેગો કર્યો કે જેને ત્યજીને એ ગયો હતો. એ વળી પાછો માયામાં ફસાઈ જશે. જ્યારે ગોપીચંદ માની પાસે આવ્યા ત્યારે માએ કહ્યું, 'હે યોગી, તું ત્યાગી છે, ગૃહસ્થી નથી. તું મારા દ્વાર ઉપર ભિક્ષા માંગવા આવ્યો છે. આજે મારો અધિકાર છે કે જે મને ઠીક લાગશે તે હું તને ભિક્ષામાં આપીશ. મારી **ત્રણ વાત યાદ રાખજે. પહેલું સારામાં સારું ભોજન ખાજે, બીજું સારામાં સારા બિછાના ઉપર શયન કરજે અને ત્રીજું મજબૂતમાં મજબૂત કિલ્લામાં રહેજે.'**

ગોપીચંદે માને કહ્યું કે કોઈ બીજું હોત તો હું તેને સમજાવત, પણ તું તો મારી મા છે. તારા કહેવાથી તો હું યોગી બન્યો છું. આ ત્રણેય ચીજો મારા ઉદ્દેશની વિરુદ્ધ છે.

માએ કહ્યું કે હે પુત્ર ! તું મારા કહેવાનો અર્થ ન સમજ્યો. આવ, હું તને સમજાવું.

પહેલી વાત તું ભૂખ્યો રહે, જ્યારે સખત ભૂખ લાગે છે ત્યારે વાસીમાં વાસી ખાવાનું, તદ્દન સાદું ખાવાનું પણ સ્વાદિષ્ટ લાગે છે. તું તે વખતે ખાવાનું ખાજે.

બીજી વાત-સાધનાને માટે જાગતો રહેજે. જ્યારે નિંદ્રા ખૂબ અકળાવે ત્યારે સૂઈ જજે. ત્યારે તને એવી ઊંઘ આવશે કે જે તને નરમમાં નરમ સેજ ઉપર પણ નહિ આવે.

ત્રીજી વાત તું રાજપાટ છોડી યોગી બન્યો છે. તારી પાસે યુવાન સ્ત્રીઓ પણ આવશે. નાની અને નાદાન પણ આવશે. તું મહાત્માની પાસે રહેજે. મહાત્માનો હુકમ માનજે. મહાત્મા જ મજબૂત કિલ્લો છે. એટલે 'શબ્દ'ની કમાણી એ જ મહાત્માનું કવચ છે. જે નામના રંગમાં રંગાઈ ગયા, જેમણે ગુરુની પાસેથી જ્ઞાન મેળવ્યું છે, તેઓ દુનિયાથી નિશ્ચિંત અને નિર્ભય જિંદગી જીવી ગયા.'

• • •

ગુરુએ જે 'શબ્દ' આપ્યો તેની કમાણી કરવાથી તે પ્યારું 'નામ' અંદર પ્રગટ થઈ ગયું. અંદર જે શબ્દ છે તેને વેદમાં નાદ કહેવામાં આવ્યો છે. ઋષિમનુઓ તેને આકાશવાણી કહે છે અને મુસલમાનો તેને બાંગે-આસમાની, કલામે-ઈલાહી અને નિદાએ-આસમાની કહે છે.

'સંતમત પ્રકાશ-ભાગ-૨', બીજી આ., પૃ. ૧૯ ❑

## (૧૨) સંસાર અને કર્મ એકબીજાં સાથે સંકળાયેલાં છે

**શ્રીમોટા**

સંસાર તો શ્રીહરિનું વ્યક્તવ્ય છે. સંસાર પરત્વેની દૃષ્ટિ કેળવીને પ્રાકૃતિક વલણો મોળાં પાડવાં અને એનાથી પર તરવાનો અભ્યાસ કેળવવો એ સંસારનો હેતુ છે.

શ્રેયાર્થીએ કર્મ પણ સાધનાની ભાવનાથી આચરવાનાં હોય છે. સકળ કર્મો પ્રભુપ્રીત્યર્થે આચરીને એ શ્રીપ્રભુને ચરણે ધરવાનાં હોય છે. **સંસાર અને કર્મ એકબીજાં સાથે સંકળાયેલાં છે.** કર્મથી સંસાર નભે છે. આથી, કર્મ પરત્વે ઉદાસીનતા કે પ્રમાદ તો રખાય જ નહિ.

મેં મારા જીવનમાં કર્મને સાધનાના ભાવથી દિલની પૂરી મસ્તીથી આચર્યાં છે. સંસારમાં કર્મનું મહત્ત્વ કર્મ આચરવા પાછળની ભાવનાને લીધે છે. શ્રેયાર્થીએ તો વૃત્તિઓના વેગને મોળો પાડવા અને એનાથી તટસ્થ રહેવાના હેતુથી કર્મ આચરવાનાં છે. કર્મને યદ્વાતદ્વા કે ઊડઝૂડિયાં રીતે કરવાનાં ન હોય, પરંતુ દિલના પૂરા ઉમળકાથી પ્રેમભક્તિયુક્ત આચરવાનાં હોય. આમ થાય તો જ જીવનનો ઉઠાવ થઈ શકે...

...આજે આપણો સમાજ ઘોર તમસમાં પડેલો છે અને બ્રહ્મ, બ્રહ્માનંદ અને ઈશ્વર વિશે યદ્વાતદ્વા વાતો કરીને નર્યો દંભ જ છતો કરે છે. હરિની ભાવનામાં જીવવા કાજે ધગધગતી તમન્ના અને જિજ્ઞાસા હોવી ઘટે. એટલું જ નહિ પણ સાધનાના અભ્યાસમાં નિરંતરતા પ્રગટાવવા કાજેનો અવિરત ખંતભર્યો પુરુષાર્થ હોવો ઘટે. જ્યાં લગી રાગદ્વેષ અને કામક્રોધાદિ મોળા પડે નહિ ત્યાં લગી જીવનના વિકાસની દિશામાં ગતિ થઈ શકે નહિ.

જીવનનો સાધક પોતાનાં સાધન નિરંતર અને અખંડાકાર કરવાને સતત મથતો હોય છે. એ પોતાના ઉમળકાભર્યા પુરુષાર્થથી ઊર્ધ્વજીવન માટે ભૂમિકા રચ્યા કરતો હોય છે. સતત જાગૃતિ અને સભાનતાથી શ્રીહરિના સ્મરણમાં રચ્યોપચ્યો રહે છે. એને મન તો -

**'જીવનમાં હરિ-નામ આનંદોત્સવ ભવ્ય છે,**
**ભક્તના દિલનો લહાવો કેવો તે મસ્ત હોય છે !**
**હરિનું નામ તો તેને અમૃત-દરિયો જ છે,**
**એના જીવનનો કેવો ઉદ્ધાર, હરિ-નામ છે.'**

હરિ-સ્મરણથી હરિ-ચરણમાં પોતાના ચિત્તને ઓગાળવા કઠણ તપશ્ચર્યા કરતો કરતો સાધક, કેવી કેવી મથામણો, કેવા કેવા સંગ્રામો ખેલે છે એનો ઈશારો પણ આ ચોપડી (ભાવકણિકા)નાં જોડકણાંમાં છે.

જીવન-અનુભવ-ગીત એ શ્રેણીનાં ગઝલનાં પુસ્તકોમાં મારા સાધનામય જીવનનો ઈતિહાસ છુપાયો છે. અનુષ્ટુપ છંદમાં લખાયેલાં આ જોડકણાંમાં શ્રીહરિના કીર્તનનો પ્રસાદ છંટકાવરૂપે વ્યક્ત થયેલો છે. મેં કરેલાં સાધનોને પરિણામે થયેલા અનુભવોનો અણસાર પણ આ પુસ્તકમાં છે. જોકે મેં તો સ્પષ્ટ જ લખ્યું છે કે-

**'માત્ર આ કલ્પનાથી મેં કશું નથી લખ્યું જરા,**
**જે રીતે હું જીવેલો છું, ને જેવાં સાધનો થયાં,**
**ને અનુભવ્યું છે જેમ ને પામ્યો સાર જે હદે,**
**તે પ્રમાણે લખેલું આ અક્ષરશઃ જ સાચું છે.'**

હરિઃૐ આશ્રમ, ૧૫મી ઑગસ્ટ, ૧૯૭૪

'ભાવ-કણિકા', લેખકના બે બોલમાંથી ❑

## શ્રી ધીરાભક્તનાં પદો

પદ-૧

અલખ લે લાગી રે, જાગીને જોયું ઘટમાં;
ભ્રમણા સર્વે ભાગી રે, સુહાગી મળ્યા ઊલટમાં. ટેક.

અંબાડીએ ગજરાજને ગળિયો, ઘોડાને ગળી ગયું જીન;
વસતર ઉપર વાડ સૂકાણી, એમ સમદરને ગળી ગયાં ફીણ;
સસે સિંહને ઘેર્યો રે, શાદૂળાને રાખ્યો પટનાં. અલખ૦ ૧

આંબાડાળે નાળિયેર વળગ્યાં, કદળીએ કેરીની લૂંબ;
નાગરવેલે દ્રાખ બીજોરા, એની શોભા બની છે અતિખૂબ;
ગગન દોયો ઘટમાં રે, તેનાં દૂધ પીધાં સટમાં. અલખ૦ ૨

પાવક વરસે ને પથર ભીંજે, થઈ ગયું ચહુદિશી પાની;
એ રે પાણીમાં દેવી દેવતાં બુડ્યાં, રાજા રંક અને રાની;
બ્રહ્મ વિષ્ણુ મહેશ્વર બુડ્યા, જોગી બુડ્યા ઝટપટમાં. અલખ૦ ૩

જનકદેશના વાસી વિરલા, ગોરખ દત્ત કબીર;
એજ દેશના વાસી શુકજી દાદુ ધીરો સધીર;
જીવન્મુક્તિ નિત્ય માણે રે, એના મન-મઠમાં. અલખ૦૪

જ્યારે જાગ્રત થઈને શરીરમાં રહેલા અંતઃકરણમાં જોયું તો પરમાત્મામાં પરમપ્રીતિ ઊપજી અને જ્યારે તે પરમાત્મા પ્રસન્નતાપૂર્વક અનુભવાયા ત્યારે સર્વ પ્રકારની ભ્રાંતિઓ દૂર થઈ. વિચાર કરીને જોયું તો માયારૂપ અંબાડીએ બ્રહ્મરૂપ ગજરાજને ગળ્યો હોય એમ પ્રતીત થાય છે, આત્મરૂપ ઘોડાને મનોરૂપ જીન ગળી ગયું હોય એમ દેખાય છે, અજ્ઞાનરૂપ વસ્ત્ર પર જાણે વિદ્યારૂપ (બ્રહ્મરૂપ) વાડ સૂકાણી હોય એમ દેખાય છે, અને એવી જ રીતે બ્રહ્મરૂપ સમુદ્રને નામરૂપાત્મક પ્રપંચરૂપ ફીણ ગળી ગયેલ હોય એમ દેખાય છે. મનોરૂપ સસલે જીવાત્મરૂપ સિંહને ઘેર્યો છે અને તે જીવાત્મરૂપ સિંહને તેણે અજ્ઞાનીને ન દેખાય એમ પટમાં (પડદામાં) રાખ્યો છે. ૧

અંતઃકરણથી વૃત્તિરૂપ આંબાની ડાળે જ્ઞાનનાં સાધન વિવેકાદિરૂપ નાળિયેર લાગ્યાં. દૈવીસંપત્તિરૂપ કેળે વિવિધશ્રેષ્ઠ સુખોરૂપ કેરીની લૂમો લાગી અને સુષુમ્ણારૂપ નાગરવેલે ગણપતિ આદિરૂપ બીજોરા દ્રાક્ષ (કિસમિસ) અથવા દ્રાક્ષને બીજોરાં નામનાં ફળ લાગેલ છે, કે જેની શોભા બહુ જ બની છે. ચૈતન્યરૂપ આકાશને શરીરમાં દોયો - અનુભવ વડે પ્રાપ્ત કર્યો અને તે આકાશના આનંદરૂપ દૂધને શીઘ્ર પીધું. ૨

બ્રહ્મરૂપ અગ્નિ વરસે છે, ને વાસનાઓરૂપ પથ્થર ભીંજે છે. તે બ્રહ્મરૂપ અગ્નિના વરસવાથી વાસનાઓરૂપ પાષાણે ગળીને ચારે દિશામાં આનંદરૂપ જલ થઈ ગયું. તે આનંદરૂપ જલમાં દેવી ને દેવો બુડ્યાં - આનંદ સર્વને પ્રિય હોવાથી તે રૂપ થયાં. રાજા રાંક ને રાણી પણ તેમાં બુડ્યા. બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ્વર પણ તેમાં બુડ્યા અને યોગી તો શીઘ્ર જ તેમાં બુડ્યા. ૩

જનક- ઉત્પન્ન કરનાર - વિવર્તોપાદાનકારણ - બ્રહ્મ - દેશના અથવા રાજાના જ્ઞાનરૂપ દેશના અનુભવયુક્ત વાસી વીરલા જ છે, જેવા ક્ષત્રિય ગોરખનાથ ને કબીરજી, શુકદેવ, દાદુજી ને ધીરજવાળો પણ એ જ દેશના વાસી છે. એવા પુરુષો પોતાના મનોરૂપ નિત્ય જીવન્મુક્તિનો વિલક્ષણ આનંદ અનુભવે છે. ૪

પદ - ૨

સંત મળે સાચા રે, ત્યારે આગમની ખબર કરે,
ભાવે ભેટું તેને રે, જેથી મારાં કરજ સરે. ટેક.

ઊલટી સરિતા ચાલી ગગનમાં, વણવાદળ વરસાદ;
આભવિના એમ વીજ ઝબુકે, થાયે ગેબી નાદ;
અખંડ ધારા વરસે રે, વરસીને સભર ભરે. સંત૦ ૧

વિના વાદક વાજીંતર વાગે, વિના કંઠ હોય ગાન;
કરવિના ત્યાં તાળી પડે ને, રણઝણ મિલાવે તાન;
વિના વાડી પુષ્પજ રે, પરવિના ભરમ ભમે. સંત૦ ૨

તેતરે દોડી સિંચાણાને પકડ્યો, સસે સમજાવ્યો સિંહ;
કાઢી ખડગને કાયર રુઠ્યો, ત્યારે શૂરે પાડી ચીસ;
મંઝારી ચુવે મારી રે, રૈયતથી રાજા ડરે. સંત૦ ૩

વિદેહકેરી આ વાતલડી, દીલડામાંહી કળાય;
ગુરુ મળ્યા જ્યારે જ્ઞાની ધ્યાની, તેને લળીલળી લાગું પાય;
દાસ ધીરો કહે છે રે, તેથી મારા દીલડાં ઠરે. સંત૦ ૪

જ્યારે સાચા સંત મળે ત્યારે અજ્ઞાની જીવોને જેનું જ્ઞાન નથી એવા બ્રહ્મની મુમુક્ષુને સમજ આપે છે. તેમને જઈને પ્રીતિપૂર્વક મળવું કે જેથી મારું કામ સિદ્ધ થાય. વૃત્તિરૂપ નદી પાછી વળીને બ્રહ્મરંધ્રરૂપ ગગનમાં ચાલી ત્યાં વૃત્તિની સ્થિતિ થવાથી વાદળા વિના વરસાદ જોવામાં આવ્યો, તેમજ ત્યાં વાદળ વિના વીજળી ઝબૂકે છે ને ધ્યાનાભ્યાસરહિત જીવોને ન સમજાય એવો નાદ થાય છે. પૂર્વોક્ત વરસાદ અખંડ ધારાએ વરસે છે, ને વરસીને સર્વને જલમય કરી દેતો હોય એમ જણાય છે. ૧

ત્યાં કોઈ વગાડનાર નથી છતાં વાજિંત્ર વાગતા હોય એમ જણાય છે, કંઠવિના કોઈ ગાન કરતું હોય એમ જણાય છે, હાથવિના ત્યાં તાળી પડતી હોય એમ જણાય છે, ને કોઈ ગાનની સાથે વાજિંત્ર મેળવતું હોય એમ જણાય છે. (આ અનાહતધ્વનિના શ્રવણનું વર્ણન છે) વાડીવિના ત્યાં સહસ્રદલ કમલરૂપ ફૂલ છે, ને ત્યાં પાંખો વિનાનો મનોવૃત્તિરૂપ ભમરો ભમે છે. ૨

નિષ્કામવૃત્તિરૂપ તેતરે દોડીને કામરૂપ સિંચાણાને પકડ્યો, ક્ષમારૂપ સસલાએ ક્રોધરૂપ સિંહને સમજાવ્યો - વશ કર્યો, ઔદાર્યરૂપ કાયરે તરવાર કાઢીને જ્યારે ક્રોધ કર્યો ત્યારે લોભરૂપ શૂરાએ રાડ પાડી. એકાગ્રવૃત્તિરૂપ ઉંદરે ચંચલવૃત્તિરૂપ બિલાડીને મારી ને બ્રહ્માકાર થયેલ અંતઃકરણની વૃત્તિઓરૂપ પ્રજાથી જીવરૂપ રાજા ભય પામે છે. ૩

દેહથી રહિત બ્રહ્મની આ વાર્તા શુદ્ધ હૃદયમાં જ યથાર્થ જણાય છે જ્યારે જ્ઞાની ને ધ્યાની એવા સદ્‌ગુરુ મળ્યા ત્યારે મારું કાર્ય થયું. તે સદ્‌ગુરુને કૃતઘ્નતાની નિવૃત્તિ માટે હું નમી નમીને પગે લાગું છું. તેમને હું પુનઃ પુનઃ સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરું છું. ધીરદાસ (દાસધીરો) કહે છે કે એમ કરવાથી મારું અંતઃકરણ બહુ શાંતિ પામે છે. ૪

**ઊલટી વાણીના સ્પષ્ટીકરણના વિચારનું ફૂલ**

દોહરો

**જગવિપરીત આ બ્રહ્મરસ, પીશે જે ધરી પ્યાસ;**
**તે સુખશાંતિ પામશે, તરશે આ સંસાર.**

'ઊલટી વાણીનું સ્પષ્ટીકરણ', આ. ૫, પૃ. ૨૩-૨૫ ❑

# (૧૪) રાગદ્વેષ

શ્રીમોટા

શરૂઆતના શ્રેયાર્થીના સાધનાકાળના તબક્કામાં 'રાગદ્વેષ' એના ઊર્ધ્વ આરોહણમાં એને હરાવવા, પાછો પાડવા અજાણમાં ઓચિંતો હુમલો કરીને તેને ડામવા મથતા હોય છે.

રાગદ્વેષ તો ધાડપાડુઓ, ડાકુઓ અને લૂંટારા છે. એને મોળા પાડ્યા સિવાય શ્રેયાર્થીની ઊર્ધ્વ માર્ગ પરત્વેના વિકાસની ગતિ સાચી રીતે થઈ શકતી નથી. રાગદ્વેષ જીવનમાં કેટકેટલી રીતે અશાંતિ, ક્લેશ, સંઘર્ષણ પેદા કરે છે અને ચિત્તને વિક્ષિપ્ત કરી નાખે છે. રાગદ્વેષના અનેક સ્થૂળ અને સૂક્ષ્મ પ્રકારો અને ભેદો પણ છે. રાગદ્વેષનું સૂક્ષ્મપણું વધારે જોરદાર હોય છે.

**શ્રેયાર્થી તો હંમેશાં સતત મથનાર જીવ છે.** સ્થૂળ યુદ્ધના મોટા મોટા મહારથીઓની અને સેનાપતિઓની હોય તેના કરતાં પણ આ સંગ્રામમાં રાગદ્વેષની સામે ઝઝૂમવાને માટે શ્રેયાર્થીની બુદ્ધિ વધારે સૂક્ષ્મ અને તેજ થયેલી હોય છે. રાગદ્વેષ ભલેને ગમે તેવા કપરા હોય અને હરાવવા મુશ્કેલ હોય છતાં શ્રેયાર્થી એને કુનેહથી, કળાથી, મર્દાનગીથી, હિંમતથી, ધીરજથી, ખંતથી-ઉદ્યમથી એકધારો સતત મથ્યા જ કરતો હોય છે.

શ્રેયાર્થી રાગદ્વેષને હઠાવવાને મથે તો છે, પણ એનું નિશાન એ માટે જે આંતરિક બળની જરૂર છે, તે કેળવવા જ્ઞાનભક્તિપૂર્વક સદાય ભાવનાશીલ, પ્રાર્થનાશીલ, મનનચિંતવન-શીલથી મથતો હોય છે. રાગદ્વેષનાં વલણોમાં તે ભેરવાઈ પડતો નથી ને એમ કરીને પેલા વલણને વહી જવા દે છે. તેની સાથે તે કશો સહકાર સાધતો નથી, ભાગ લેતો નથી.

રાગદ્વેષને માત્ર બુદ્ધિના બળથી હરાવી નહિ શકાય, શ્રેયાર્થીની જ્ઞાનપૂર્વકની ભક્તિ કેળવાતી જતી હોવી જોઈશે. જીવનની એવી ભક્તિની શક્તિ અપરંપાર છે. ત્યારે જ એવી ભૂમિકામાં જીવનની શક્તિ બઢતી જતી હોય છે. **બુદ્ધિમાં ભક્તિ પ્રગટ્યા વિના રાગદ્વેષ કદી પણ નિર્મળ થઈ શકતા નથી.**

રાગદ્વેષ મોળા પડતા જતા હોય એ કેવી રીતે સમજાય અને એનાં લક્ષણો કેવાં કેવાં હોય તે વિષે પણ આ **'રાગદ્વેષ'**માં લખાયું છે. વળી, રાગદ્વેષ મોળા કેવી રીતે પડે તે વિશે પણ કોઈની જિજ્ઞાસા અન્વયે ભગવાનની કૃપાથી સ્પષ્ટીકરણ કરાયું છે.

કોઈ પણ માણસને જ્યારે કંઈક કશું ઘણું ઘણું ખૂંચે ત્યારે જ તે તેમાંથી મુક્ત થવાને પ્રેરાય છે. તેવી જ રીતે શ્રેયાર્થીના જીવનમાં કાંટાની પેઠે રાગદ્વેષ ખૂબ ખૂંચતા અને સાલતા થયા હશે, તો જ તેને મોળા પાડવાનું બની શકશે નહિતર નહિ.

*'પૂરેપૂરું વિના ખૂંચ્યા, સાલતું તે થયા વિના,*
*તેથી મુક્ત થવાનું કદાપિ થાય શક્ય ના.'*

રાગદ્વેષનાં લખાણમાં રાગદ્વેષનું સ્વરૂપદર્શન એનાં લક્ષણો અંગે, રાગદ્વેષનાં કાર્ય અંગે તેમ જ રાગદ્વેષના ક્ષય માટેના અભ્યાસ અંગે અને છેલ્લે રાગદ્વેષનો ક્ષય થયો હોય તો તેનાં પ્રમાણ અંગે પણ સ્પષ્ટતા કરાઈ છે.

*'સદ્ભાવ સર્વ પ્રત્યેનો જીવંતો ટકતો દીસે*
*રાગદ્વેષ પડ્યા મોળા એનું ધોરણ માત્ર તે.*
*સર્વ અણગમા, ઈર્ષ્યા ને અદેખાઈ ઓગળે,*
*રાગદ્વેષ પડ્યા મોળા તેનું લક્ષણ જાણજે.*
*ને અપમાન, અન્યાય, કરતાં છો ભલે જ હો,*
*છતાં નાખુશી ના જન્મે, ઘટેલા જાણજો જ તે.'*

'રાગદ્વેષ', બી.આ.; લેખકના બે બોલમાંથી સંકલન ❑

# (૧૫) લોકો ભક્તિમાં કુશળ થાય તો ભૂખે ન મરે !

**શ્રીમોટા**

મારા ગુરુ મહારાજે મને કહ્યું હતું કે, 'તું પ્રયોગ વગરની વાત ન કરીશ.' અનુભવ વગરની વાત નકામી. અનુભવનો આનંદ તો છે જ તે હું અને મારો ભગવાન જાણીએ. સમાજમાં ગુણ અને ભાવના જાગે, ધર્મ જાગે, એ માટે જગતમાં ધર્મ છતો થાય તેવાં કામ કરવાં, એવા સંકલ્પ કરવા.

નવા વર્ષના બેસતા દિવસે દર વર્ષે હું ભગવાનને પોકારું કે 'હવે મારે શું કરવું ?' જે સ્ફુરે તે મારું કામ. **કામ ત્રણ પ્રકારનાં હોય. સ્વાર્થ, પરાર્થ અને પરમાર્થ.** બધાં કામ પ્રેમથી થવાં જોઈએ. એમાં આસક્તિ કે મોહ નહિ જોઈએ. મને પહેલેથી જ આસક્તિ કે મોહ નહિ. હું મારી માને ચાહતો, ઘણું ચાહતો તે એટલું કે બધાં મારી મશ્કરી પણ કરે. ઑફિસેથી આવતાં જ સીધો બૂમો પાડતો. મા...મા... કહીને કોઈવાર તો પ્રેમથી ઊંચકી પણ લેતો. મારી બા પણ મને કહેતી કે, 'રોયા ! આટલો મોટો થયો ને આમ બૂમો શું પાડે છે ?' પણ મને શરમ નહિ લાગતી.

હું મારી માને ચાહતો પણ મને રાગ, મોહ કે આસક્તિ નહિ. સ્વાર્થનાં કામ પણ બધાં પ્રભુપ્રીત્યર્થે જ કરતો. સેવાનું કામ પણ પ્રભુપ્રીત્યર્થે જ. તે પણ ગુરુ મહારાજની કૃપાથી જ. દેશપ્રેમને લીધે નહિ. એ કાળ સને ૧૯૨૧થી શરૂ થયો હતો અને તે ૧૯૩૯માં પૂરો થયો.

મને ભગવાનનાં વારે વારે દર્શન થાય છે. એમના દ્વારા મારાં કામ થાય છે. એકવાર એમ થયું કે 'તારે ઘરેણાં માંગવાં.' નંદુભાઈને કહ્યું તો કહે, 'મોટા, રહેવા દો. એમ કાંઈ મંગાય ?' પણ જ્યારે ઉત્સવ થયો ત્યારે ઘણાં ઘરેણાં મળેલાં.

ભગવાન પાછળ ઘેલું લાગવું એ તો સદ્ભાગ્ય છે. મારું આવું શરીર છતાં ભગવાનની કૃપા-મદદ ઘણી છે. એટલે એને ધન્યવાદ આપુ છું. ત્યારે એવા ભગવાન માટે છેક કેનેડાથી આવેલા ભાઈ આજે આપણી વચ્ચે છે. (રોબીન) એ ભાઈ કૉલેજમાં ભણેલ છે. એમને માતાપિતા-ભાઈભાંડુ બધાં છે. એમને ઈશ્વરને અનુભવવાની કેટલી બધી ધગશ છે કે એ બધાંને છોડીને અહીં આવ્યા છે. બધાં કહે છે કે પૈસાની વાત ખરી. પૈસાની બધાંને જરૂર પડે, પણ **લોકો ભક્તિમાં કુશળ થાય તો ભૂખે ન મરે !** આજે પણ જુઓ કે ભગવાન પર ભરોસો કરનારને એ બધી રીતે મદદ કરે છે. જો તમારું મન ભાવથી મારામાં જોડાયેલું હશે અને તમે અનન્ય ભાવે **મારું સ્મરણ, ચિંતન કરતા હશો તેમ જ તમે મારા પર જ તમારો બધો આધાર રાખશો તો હું તમારો બધો ભાર મારે માથે લઈ લઈશ.**

ત્યારે એવા ભગવાન માટે છેક કેનેડાથી આ ભાઈ આવ્યા છે. ત્યાં તારે દારૂ અને માંસ ખવાય, પણ એ તો કહે કે, 'હું તો કંઈ કશું લઉં નહિ.' એણે માતાપિતાની પણ ખફગી વહોરી. આધ્યાત્મિક માર્ગે વળવા અમેરિકામાં પણ કેટલીયે સંસ્થાઓ છે અને વર્ગો ચાલે છે.

યોગના ક્લાસ પણ ભર્યા. આખરે હિંદુસ્તાનમાં આવ્યા. પાંચ વર્ષ કમાવી લેવાનું નક્કી કર્યું. પણ પાછો એમને વિચાર આવ્યો કે 'તારે પૈસા જોઈએ છે કે ભગવાન ? તારે જો ભગવાન જોઈતા હોય હોય તો પછી વાર શા માટે ?' એમની લગની જુઓ. રામનવમીનો ઉત્સવ જોવા એક દિવસ મૌનમાંથી બહાર કાઢીશું. તો કહે 'શા માટે ?' મને તો આ Solitude (એકાંતમાં) જ બહુ આનંદ આવે છે.'

આ સંસારમાં ફીકર, ચિંતા, દુઃખ, શોક, સંતાપ, કલેશ, સંઘર્ષ, તાપ, ઉદ્વેગ, અથડામણો, આધિવ્યાધિ અને ઉપાધિઓ છે. ડૉક્ટરની દવા તો લો છો પણ એ તો શરીરની દવા થઈ. ત્યારે આપણા મનની દવાનું શું ? અહીં મંગળવારે હું બે શબ્દો બોલું છે તે મને બોલવાનો અભરખો નથી પણ આ તમે બધાં અહીં (હરિઃૐ આશ્રમ, સુરત) બેઠા છો એટલે મારી વાત તમને સમજાવું છું.


'સ્વજનોને સંબોધન', પ્ર.આ. પૃ. ૨૪ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | એક સ્વજન ..................... | સુરત ........ | ૧૧,૦૦૦/- |
| | પ. પૂ. શ્રીકૃષ્ણાનંદજી સ્વામીજી (ભાદરણ)ની ૩-૮ અને ૨૬-૮ની આવાગમનની પુણ્યસ્મૃતિ નિમિત્તે (જ્ઞાનદાન) | | |
| ૨. | રમણભાઈ એમ. પટેલ (જ્ઞાનદાનભેટ - સપ્ટેમ્બર ૨૦૨૩ માટે).... | નડિયાદ ..... | ૧૧,૦૦૦/- |
| ૩. | નરેશકુમાર એચ. જાની (ગુરુપૂર્ણિમા નિમિત્તે) .................... | ભાવનગર .... | ૧,૧૧૧/- |
| ૪. | એક સ્વજન ..................... | સુરત ......... | ૧,૧૧૧/- |
| | ગુરુપૂર્ણિમા નિમિત્તે | | |
| ૫. | હરેશભાઈ સી. ધોળકિયા ..................... | ભુજ-કચ્છ..... | ૫,૦૦૦/- |
| ૬. | કુંતલ મારફતિયા ..................... | મુંબઈ ........ | ૫,૦૦૦/- |
| | ગુરુપૂર્ણિમા નિમિત્તે | | |
| ૭. | વિષ્ણુભાઈ બાબુલાલ રામી ..........................(હાલ પુના) | અમદાવાદ .... | ૩,૦૦૦/- |
| ૮. | ભરતભાઈ હસમુખલાલ જોગી ..................... | સુરત ............ | ૫૦૧/- |
| ૯. | ગુણવંતભાઈ બી. ભૂંગરિયા ..................... | અમદાવાદ ....... | ૫૦૧/- |
| ૧૦. | શરદકુમાર કાંતિલાલ ડૉક્ટર ..................... | સુરત ............ | ૫૦૦/- |
| ૧૧. | હરેશ ધનસુખલાલ પટેલ ..................... | સુરત ............ | ૫૦૦/- |
| ૧૨. | મંદાબહેન મનોજભાઈ તમાકુવાળા ..................... | સુરત ............ | ૨૫૧/- |
| ૧૩. | ચૈતાલી શરદકુમાર ડૉક્ટર ..................... | સુરત ............ | ૨૦૦/- |
| ૧૪. | પંકજભાઈ જાની (ગુરુપૂર્ણિમા નિમિત્તે) ..................... | બ્રહ્મપુરી ......... | ૧૦૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**





સમાધિ સ્થાન : પોંડિચેરી

"શ્રીઅરવિંદનાં દર્શને જવાનું દિલ થાય એને હું અહોભાગ્ય ગણું છું. એમનામાં આ જીવનો હૃદયનો પ્રેમભક્તિભાવ અને આદરભાવ જ્ઞાનભાવે પ્રગટેલો છે.


ત્યાં જવાનું બને એ તો મને ઊલટું ઘણું ગમે છે. તેમના સાહિત્યનું વાંચન થવાથી, તમે બધાં ઊલટું મને સાચી રીતે અને વધારે સમજી શકવાનાં છો !"

- શ્રીમોટા

*'જીવન મંથન', ૪થી આવૃત્તિ, પૃ. ૧૮૬*

**HARIBHAV, AUGUST, 2023**

" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2021-2023
Valid upto 31st December - 2023 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2021-2023
valid upto 31-12-2023



જે વધારે કશી રકઝક કર્યા વિના, ઝાઝી ડખાડખ કર્યા વિના, આપેલી સલાહ ઉપર બુદ્ધિ ચલાવ્યા વિના અને દલીલની પરંપરાઓ જગાવ્યા વિના, શ્રદ્ધા રાખીને, પ્રેમભાવ રાખીને જે તે કંઈ કરે છે, એવા પર મને વધારે ભાવ ઉત્પન્ન થાય છે.

- શ્રીમોટા

'જીવન પગથી', બી. આ., પૃ. ૫૦

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA E-mail : hariwanitrust@gmail.com

**If Undelivered Please return to : 'Hariwani Trust'**
B/5, Swastik Apartment, Narayannagar, Paldi,
Ahmedabad - 380 007